वेर अने बदलो

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેર અને બદલો

(પ્રાચીન બૌદ્ધ કથાઓ)

સંપાદક
ગોપાળદાસ જીવાભાઈ પટેલ

ગુજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या .....

पञ्जिका संख्या .....

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાવલિ પુ૦ – ૬૭

વેર અને બદલો

[પ્રાચીન બૌદ્ધ કથાઓ]

स्थाक प्रमाणीकरण ११८४-११८५

સંપાદક
ગોપાળદાસ જીવાભાઈ પટેલ

नहि वेरेन वेरानि संमन्तीध कुदाचनं ।
अवेरेन च संमन्ति एस धम्मो सनंतनो ॥

– धम्मपद

"આ જગતમાં કદાપિ વેરથી વેર શમતું નથી, અવેરથી -- પ્રેમથી જ શમે છે: આ સનાતન નિયમ છે."

CHECKED 1973
Initial

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૧૪
મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૧૪

સર્વ હક ગૂજરાત વિદ્યાપીઠને સ્વાધીન છે.

પહેલી આવૃત્તિ, પ્રત ૫,૦૦૦



પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય
અમદાવાદ–૧૪

સાત આના એપ્રિલ, ૧૯૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

આ ચોપડી તૈયાર કરવાનો વિચાર વડી સરકારે હમણાં શરૂ કરેલી, સમાજશિક્ષણ સાહિત્યને ઉત્તેજન આપવા માટેની ઇનામ–યોજના ઉપરથી થયો. એ યોજના મુજબ આ અગાઉ કેટલીક ચોપડીઓ બહાર પાડી છે, અને બીજી વિચારાય છે. આ ચોપડી તેમાંની એક છે.

બીજી રીતે જોતાં, આ ચોપડી એક સુઅવસરે બહાર પડે છે. વાચકને ખબર હશે કે, આવતા મે માસમાં આપણે બુદ્ધ ભગવાનની ૨૫૦૦મી જયંતી આંતરરાષ્ટ્રીય પાયા ઉપર ઊજવવાના છીએ. ચુનંદા કેટલીક બૌદ્ધ કથાઓનો આ સંગ્રહ તે નિમિત્તે એક ઉચિત અને સમયસરનું શોભીતું પ્રકાશન ગણાય. એ કથાઓ નાનાં તથા મોટાં સૌને માટે કામની અને રસ પડે એવી છે. આ વાર્તાઓની ભવ્ય સાદાઈ એવી છે કે જગતના સનાતન સાહિત્યમાં તેમને સ્થાન મળવું ઘટે, એમ કહું તો એમાં કાંઈ અત્યુક્તિદોષ નથી જોતો.

આ સંગ્રહમાં સંઘરેલી વર્તાઓ ભાઈ ગોપાળદાસે જુદાં જુદાં નિમિત્તે અગાઉ લખેલી હતી, તેમાંથી લીધી છે. તે બધી 'અવેરે જ શમે વેર' એ જાતના ભગવાન ગૌતમ બુદ્ધના ખાસ ઉપદેશના ઉદાહરણ રૂપ છે. 'આણે મને માર્યો, આણે મને ગાળ દીધી, આણે મારું નુકસાન કર્યું'' — એ બધી વાત મનમાં ગોખ્યા કરવાથી માણસ માણસ વચ્ચે વેર ઊભું થાય છે. પરંતુ એ વેરનો બદલો લેવા જતાં બદલામાં વેર જ વધે છે. સમાજના વ્યવહારનું ટૂંકમાં આ માનસ-શાસ્ત્ર છે. એટલે, તેમાંથી વિજ્ઞાનશુદ્ધ નીતિસૂત્ર પેદા થાય છે, તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ કે, વેરની શાંતિ તો બદલાનો વિચાર છોડી, 'અવેર' દાખવવાથી જ થાય છે; અને તે રીતે જ સાચો બદલો પણ વળી રહે છે.

એ બુદ્ધનો ઉપદેશ યાદ કરવાની આજે ખાસ જરૂર છે. ચારે બાજુ વેરઝેરનો જાણે દાવાનળ પ્રગટ્યો છે; અને વ્યક્તિઓ તેમ જ આખાં રાષ્ટ્રો તથા રાષ્ટ્રસમૂહો પણ તેના વમળમાં અટવાતાં જાય છે.

રામાયણ અને મહાભારત તથા પુરાણની કથાઓ પેઠે આ કથાઓ આપણા લોકજીવનની ભાવસૃષ્ટિમાં વણવા જેવી છે. હિંદે ધીમે ધીમે તેનો આ અણમૂલ વારસો પાછો યાદ આણીને અપનાવવો જોઈએ. અને ભગવાન બુદ્ધના અવેરના મહા ઉપદેશને લોકગત કરવો જોઈએ. આ ચોપડી ગુજરાતી વાચકોમાં એ કામ કરવામાં પોતાનો નાનકડો ફાળો આપશે, એ આશાએ પ્રસિદ્ધ કરી છે.

૫–૪–'૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

૧. 'ન શમે વેર વેરથી' ૭
૨. વેરની પરંપરા ૧૫
૩. ભાઈ ભાઈનો ઝઘડો ૨૨
૪. લડાઈ ૨૫
૫. તકરારનો છેડો ૩૦
૬. એની લડાઈમાં ત્રીજો ફાવે ૩૪
૭. કડવી શિખામણ ૩૭
૮. અંગુલિમાલ લૂંટારો ૪૩
૯. મહાશીલ રાજા ૪૭
૧૦. ગ્રામસેવક મંઘ ૫૪
૧૧. દેવધર્મી કોણ? ૫૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

'ન શમે વેર વેરથી'

પ્રાચીન કાળમાં કાશી-વારાણસીમાં બ્રહ્મદત્ત નામે રાજા રાજ્ય કરતો હતો. તેનું રાજ્ય વિશાળ હતું, તેની આવક ભારે હતી, તેનું લશ્કર મોટું હતું, અને તેના ભંડાર ભરેલા હતા.

તે વખતે કોસલ દેશમાં દીઘીતિ નામે રાજા રાજ્ય કરતો હતો. તેનું રાજ્ય નાનું હતું, તેની આવક નજીવી હતી, તેનું લશ્કર થોડું હતું, અને તેના ભંડાર ખાલી હતા.

કાશીરાજ બ્રહ્મદત્તે એક વખત કોસલરાજ દીઘીતિ ઉપર ચડાઈ કરી. દીઘીતિ રાજા પોતાની રાણી સાથે નગર છોડીને જીવ બચાવવા ભાગી ગયો. બ્રહ્મદત્તે કોસલ દેશ કબજે કરી લીધો.

થોડા સમય બાદ દીઘીતિ રાજા ભિક્ષુને વેશે વારાણસીમાં જ આવીને રહ્યો. વખત જતાં તેની રાણીને પુત્ર અવતર્યો. તેનું નામ દીઘાવુ ('દીર્ઘાયુષી') પાડવામાં આવ્યું. કુમાર મોટો અને સમજણો થયો, એટલે દીઘીતિને વિચાર આવ્યો કે, 'કાશીરાજ બ્રહ્મદત્ત અમને જોઈ જશે, તો ત્રણેયને ઠાર મારશે. માટે દીઘાવુ કુમારને દૂર રાખવો ઠીક છે.' આમ વિચારી તેણે કુમારને નગર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહાર કોઈ સારે ઠેકાણે મોકલી દીધો. ત્યાં રહી કુમાર ઘણી વિદ્યાકળા શીખ્યો.

તે સમયે દીઘીતિ રાજાનો વાળંદ કાશીના રાજા બ્રહ્મદત્તની નોકરી કરતો હતો. તે એક વખત દીઘીતિ રાજાને અને રાણીને જોઈ ગયો. બ્રહ્મદત્તના વહાલા થવા તેણે તેની આગળ ચાડી ખાધી અને કહ્યું કે, 'દીઘીતિ રાજા પોતાની રાણી સાથે આપણા નગરમાં જ છૂપે વેશે રહે છે.'

બ્રહ્મદત્તે સિપાહીઓને આજ્ઞા કરી કે, 'દીઘીતિ રાજાને સંહકુટુંબ પકડી લાવો.'

સેવકોએ દીઘીતિને તથા તેની રાણીને પકડી આણ્યાં. બ્રહ્મદત્તે હુકમ કર્યો કે, 'દીઘીતિના અને તેની રાણીના હાથ પીઠ પાછળ બાંધો, તેમનાં માથાં મૂંડી નાખો, ઢોલ વગાડતા વગાડતા તેમને આખા નગરમાં ફેરવો, અને પછી નગરની દક્ષિણ દિશાએ લઈ જઈ, તેમના ચાર ચાર કટકા કરીને ચાર દિશાઓમાં ફેંકી દો. કોઈ તેમનો અગ્નિસંસ્કાર ન કરે!'

સેવકો તે પ્રમાણે રાજા-રાણીનાં માથાં મૂંડીને તથા તેમને અવળે હાથે બાંધીને નગરમાં ઢોલ વગાડતા વગાડતા લઈ ચાલ્યા.

એ જ અરસામાં દીઘાવુ કુમારને વિચાર આવ્યો કે, 'બહુ દિવસથી મેં માતાપિતાને દીઠાં નથી; માટે લાવ આજે નગરમાં જઈને તેમને મળી આવું.' આવો વિચાર કરી તે નગરમાં દાખલ થયો, અને જુએ છે તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાનાં માતાપિતાને સિપાહીઓ વધ કરવા લઈ જાય છે. તે તરત તેમની નજીક આવ્યો. તેને દૂરથી આવતો જોઈને દીઘીતિ રાજાએ મોટેથી બૂમ પાડીને કહ્યું, 'બાપુ, તું લાંબું જોઈશ નહિ, ટૂંકું ય જોઈશ નહિ. વેરથી વેર નહિ શમે, અવેરથી જ વેર શમશે.' થોડે થોડે આંતરે દીઘીતિ ઉપર પ્રમાણે ત્રણ વાર બોલ્યો. દીઘાવુએ બાપના આ બોલ સાંભળ્યા, અને હૃદયમાં સંઘરી રાખ્યા.

રાજા-રાણીને આખા નગરમાં ફેરવ્યા બાદ સિપાહીઓ તેમને દક્ષિણને દરવાજેથી નગર બહાર લઈ ગયા. ત્યાં તેમના ચાર ચાર ટુકડા કરી, તે ટુકડા તેમણે ચાર દિશામાં ફેંકી દીધા, તથા કોઈ તે ટુકડા ઉપાડી ન જાય તે માટે ત્યાં ચોકીપહેરો મૂક્યો. પરંતુ ચોકિયાતોને ભુલાવીને, દીઘાવુએ પોતાનાં માતાપિતાના શબના ટુકડા ભેગા કર્યા, અને ચિતા સળગાવી તેમનો અગ્નિસંસ્કાર કર્યો. ત્યાર બાદ ચિતાની આસપાસ, જોડેલે હાથે તે ત્રણ પ્રદક્ષિણા કર્યો.

એટલું કરી દીઘાવુ જંગલમાં ચાલ્યો ગયો. ત્યાં જઈને તે છૂટે મોંએ ખૂબ રોયો. પછી આંસુ લૂછી, મનમાં કાંઈક પેંતરો રચી, તે વારાણસીમાં પાછો આવ્યો, અને બ્રહ્મદત્ત રાજાના મહેલને પડખે હાથીખાનું હતું, ત્યાં ગયો. ત્યાંના મહાવતને વીનવી તથા ખુશ કરીને તે તેની પાસે હસ્તીવિદ્યા શીખવાને બહાને રહ્યો.

એક દિવસ બ્રાહ્મમુહૂર્તે વહેલો ઊઠીને દીઘાવુ હાથીખાનામાં મધુર સ્વરે વીણા સાથે ગાવા લાગ્યો. એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મધુર સંગીત બ્રહ્મદત્તને કાને પડતાં તેણે પોતાના માણસોને પૂછ્યું, 'આ કોણ ગાય છે?' તેમણે જવાબ આપ્યો, 'એ તો મહાવતનો નવો શિષ્ય છે.'

રાજાએ તરત તેને પોતાની પાસે તેડાવી મંગાવ્યો, અને તેની પાસેથી ફરી તેનું ગાયન સાંભળ્યું. તેની આવડતથી ખુશ થઈ રાજાએ તેને પોતાની પાસે જ રાખ્યો.

દીઘાવુ પણ રાજાની પહેલાં ઊઠે, અને રાજાના સૂતા પછી સૂએ; તેની આજ્ઞાનો ઝટ અમલ કરે, તેને પ્રિય લાગે તેવું વચન બોલે, અને તેને ખુશ રાખે. થોડા દિવસમાં તે રાજાનો વિશ્વાસપાત્ર અને માનીતો નોકર બની ગયો.

એક દિવસ બ્રહ્મદત્ત રાજા રથ જોડાવી, શિકાર કરવા નીકળ્યો. તે વખતે દીઘાવુ તેનો રથ હાંકતો હતો. તેણે વનજંગલની આંટીઘૂંટીમાં એવી રીતે રથ હાંકવા માંડ્યો કે, રાજાના માણસો પાછળ રહી ગયા; અને રાજાનો રથ જુદી જ દિશામાં કેટલોય દૂર નીકળી ગયો. થોડા વખત બાદ રાજાએ થાકીને દીઘાવુને કહ્યું, 'હવે રથ છોડી નાખ; હું થાકી ગયો છું. થોડીક વિશ્રાંતિ લઉં, તેટલામાં આપણા માણસો પણ આવી પહોંચશે.'

દીઘાવુએ ઘોડા છોડી નાખ્યા, ને પોતે જમીન પર પલાંઠી વાળીને બેસી ગયો. રાજા તેના ખોળામાં માથું મૂકીને સૂતો અને થાકને લીધે તરત જ નિદ્રાવશ થઈ ગયો.

તે વખતે દીઘાવુને વિચાર આવ્યો કે, વેર લેવાનો આ ઠીક અવસર છે; આ દુષ્ટ રાજાએ મારાં માતાપિતાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૂંડી રીતે મરાવી નાખ્યાં છે. એમ વિચારી તેણે મ્યાનમાંથી તલવાર ખેંચી. પણ તે જ વખતે તેને પિતાના



શબ્દો યાદ આવ્યા: 'લાંબું જોઈશ નહિ, ટૂંકું ય જોઈશ નહિ. વેરથી વેર નહિ શમે, અવેરથી જ વેર શમશે.' પિતાની છેલ્લી આજ્ઞા ઉથાપવી ઠીક નહિ એમ માની, તેણે તલવાર મ્યાન કરી.

પરંતુ ઊંઘતા રાજાના મોં સામું જોતાં, તેને ફરી પિતાનું મરણ યાદ આવ્યું અને તેનો વેરનો ઊભરો ચડી આવ્યો. બીજી વાર પણ તેણે પિતાના શબ્દો યાદ કરી તલવાર મ્યાન કરી દીધી. એ જ પ્રમાણે ત્રીજી વાર પણ તલવાર ખેંચીને પાછી મ્યાન કરવા જતો હતો, તેવામાં બ્રહ્મદત્ત રાજા ગભરાયેલે ચહેરે સફાળો જાગી ઊઠ્યો.

દીઘાવુએ પૂછ્યું, 'મહારાજ, કેમ ગભરાયેલા જેવા આમ ઝબકીને જાગી ઊઠ્યા?'

पुस्तकालय
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજાએ કહ્યું, 'તારા ખોળામાં સૂતા બાદ મને સ્વપ્નું આવ્યું. તેમાં મારા જૂના દુશ્મન રાજાનો પુત્ર જાણે મારો વધ કરવા તલવાર ઉગામી મારા ઉપર કૂદી પડ્યો, એમ મેં જોયું. કોસલ દેશનાં રાજરાણીને તો મેં કચારનાં ઠેકાણે પાડી દીધાં છે; પરંતુ તેમનો પુત્ર જીવતો છટકી ગયો છે, તેથી અવારનવાર મને આમ ડર લાગ્યા કરે છે. એકાદ વાર તે મારા હાથમાં આવી જાય, તો પછી હું હંમેશને માટે તેની નિરાંત કરી દઉં !'

રાજાને મોઢે આ વાત સાંભળી દીઘાવુને વેરનો ઊભરો ફરી ચડી આવ્યો. તેણે તરત જ રાજાના કેશ પકડી પોતાની તલવાર ઉગામી, તથા કહ્યું, 'હે રાજા, હું જ કોસલરાજનો પુત્ર દીઘાવુ છું. મારાં માતાપિતાનું વેર લેવા તમારી પાસે છૂપે વેશે રહ્યો છું. આજે હવે મારું વેર વસૂલ કરવાનો વખત આવી પહોંચ્યો છે.'

બ્રહ્મદત્ત આ જોઈ ચોંકી ઊઠ્યો. તે ગભરાઈ જઈ દીઘાવુને પગે પડ્યો, તથા પોતાની અત્યાર સુધીની મિત્રતાને ખાતર પણ પોતાને જીવતદાન દેવા માટે કરગરવા લાગ્યો.

એક બાજુ પોતાના દુશ્મનની આવી દીન અવસ્થા જોઈને તથા બીજી બાજુ પોતાના પિતાના છેલ્લા શબ્દો યાદ લાવીને દીઘાવુએ હાથમાંની તલવાર ફેંકી દીધી. પછી તે બોલ્યો, "હે રાજા, જીવતદાન તો હવે તમારે મને આપવાનું છે. કારણ કે, વેર વાળવાનો લાગ જોઈને પહેલાં મેં ત્રણ વાર તમારા ઉપર તલવાર ઉગામી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ મારા પિતાના અંતિમ શબ્દો યાદ આવવાથી, દરેક વખતે મેં મારી તલવાર પાછી મ્યાન કરી દીધી હતી. મારા પિતાએ કહ્યું હતું કે, 'બાપુ, લાંબું જોઈશ નહિ, ટૂંકું ય જોઈશ નહિ. વેરથી વેર નહિ શમે, અવેરથી જ વેર શમશે.' અત્યારે પણ એ શબ્દો યાદ લાવીને મેં મારી તલવાર ફેંકી દીધી છે. હવે તો તમારે જ મને જીવતદાન આપવાનું રહે છે."

ત્યાર બાદ બ્રહ્મદત્તે તથા દીઘાવુ કુમારે એકબીજાનો હાથ ઝાલી, અન્યોન્ય વેર ત્યાગવાના શપથ લઈ, એક-બીજાને જીવતદાન આપ્યું.

પછી રાજા તથા દીઘાવુ કુમાર રથમાં બેસી નગરમાં પાછા આવ્યા. રાજાએ તરત જ દરબાર ભરીને પોતાના સર્વ દરબારીઓને તેડાવ્યા; અને તેમને પૂછ્યું કે, 'કોસલરાજ દીઘીતિનો પુત્ર આપણા હાથમાં આવે તો તેનું શું કરવું ?'

કેટલાકે જવાબ આપ્યો, 'તેના હાથ કાપી નાખવા;' કેટલાકે કહ્યું, 'તેના પગ કાપી નાખવા;' કેટલાકે કહ્યું, 'તેનાં નાકકાન કાપી નાખવાં;' અને કેટલાકે કહ્યું કે, 'તેનું માથું કાપી નાખવું.'

ત્યાર બાદ બ્રહ્મદત્તે દીઘાવુને આગળ ધરીને કહ્યું, 'જુઓ, આ પોતે જ કોસલરાજનો પુત્ર દીઘાવુ છે.' પછી વનમાં બનેલી હકીકત સૌને કહી સંભળાવીને રાજાએ જાહેર કર્યું કે, 'દીઘાવુએ મને જીવતદાન દીધું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, અને મેં તેને જીવતદાન આપ્યું છે. માટે હવેથી કોઈએ તેને કાંઈ કરવાનું નથી.'

પછી દીઘાવુ તરફ ફરીને રાજાએ તેને પૂછ્યું, 'કુમાર, મરણકાળે તારા પિતાએ તને જે લાંબું ન જોવાનું કે ટૂંકું ન જોવાનું વગેરે કહ્યું હતું, તેનો અર્થ હવે તું મને કહી સંભળાવ.'

કુમારે કહ્યું, "'લાબું જોઈશ મા' એટલે કે ચિરકાળ વેર લંબાવ્યા કરીશ મા. 'ટૂંકું જોઈશ મા' એટલે કે વાતવાતમાં મૈત્રી તોડીશ મા. 'વેરે વેર નહિ શમે' એટલે કે મહારાજે મારાં માતાપિતાને મારી નાખ્યાં, માટે હું મહારાજને મારી નાખું; તો મહારાજના પક્ષવાળાઓ પાછા મને મારી નાખે, અને મારા પક્ષ-વાળાઓ તેમને મારી નાખે; એમ વેર લાંબું ચાલ્યા જ કરે, અને તેનો કદાપિ અંત આવે નહિ. પરંતુ હવે આપણે પરસ્પર વેર તજવાનો નિશ્ચય કર્યો છે, એટલે અવેરથી આપણું વેર કાયમને માટે શમી ગયું. એ ઉધાડું છે."

તે સાંભળી પ્રસન્ન થઈ રાજાએ દીઘાવુ કુમારને પોતાની પુત્રી પરણાવી, તથા તેનું કોસલ દેશનું રાજ્ય તેને પાછું સોંપ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

વેરની પરંપરા

એક ગામમાં એક કુટુંબી પુરુષ મરી જતાં તેનો દીકરો ઘરનું અને ખેતરનું કામ સંભાળવા લાગ્યો. ઉપરાંત, પોતાની વિધવા ઘરડી માની બધી સેવાચાકરી પણ તે કરતો. તેની માએ તેને એક દિવસ કહ્યું: 'ખેતરનું, ઘરનું, અને મારું એમ બધાં કામ એકલે હાથે કરવા જતાં તને બહુ ઘસારો પડે છે; માટે તું હવે વહુ લાવ.'

છોકરાએ કહ્યું: 'મને કશો ઘસારો પડતો નથી; તથા પારકા ઘરની દીકરીને વહુ તરીકે લાવું, તોપણ તે તારી બરાબર સંભાળ રાખશે તેની શી ખાતરી? તેના કરતાં હમણાં જેમ ચાલે છે તેમ જ ભલે ચાલતું!'

છતાં માએ તો, દીકરાના સુખનો વિચાર કરી, એક સારા ઘરની કન્યા સાથે તેને પરણાવી દીધો.

પરંતુ તે વહુ વાંઝણી નીકળી. તેને કાંઈ સંતાન જ ન થયું. માએ દીકરાને કહ્યું: 'તું ફરી પરણ. સંતાન વગર તો વંશ જાય!'

દીકરાએ કહ્યું: 'તારે તો ઘર સંભાળનાર એક માણસની જરૂર હતી; તે માણસ તને મળ્યું છે. હવે પછી વંશ માટે ચિંતા કરી, બીજી વહુ ઘરમાં લાવીએ, તો નકામો ઝઘડો જ વધે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છતાં માએ આગ્રહ ચાલુ રાખ્યો. ત્યારે વહુએ વિચાર્યું કે, માનો આગ્રહ છે એટલે દીકરો આજે નહીં ને કાલે પણ કબૂલ થશે જ; તે વખતે ગમે તે સ્ત્રી શોક તરીકે આવે, તેના કરતાં હું પોતે જ સારી જોઈને કોઈ કન્યા શોધી લાવું તો કેવું?

એમ વિચારી તેણે એક સારી કન્યા શોધી કાઢી. અને પોતાના પતિને તેની સાથે પરણાવી દીધો. નવી વહુ બહુ સાલસ હતી. જૂની વહુ તેને રોજ પોતાને હાથે રાંધીને જમાડતી. તેણે નવી વહુને કહી રાખ્યું હતું કે, તને દહાડા રહે ત્યારે મને એ ખુશખબર સૌથી પહેલાં કહેવી.

તે પ્રમાણે નવી વહુને દહાડા રહ્યા, એટલે તેણે એ વાત જૂની વહુને કહી. જૂની વહુએ છાનામાના કશીક દવા તેના ખાવામાં ભેળવી દીધી; એટલે બીજે જ મહિને નવી વહુને કસુવાવડ થઈ ગઈ. થોડા મહિના પછી નવી વહુને ફરીથી દહાડા રહ્યા. તેણે તે વાત જૂની વહુને કહી. આ વખતે પણ જૂની વહુએ તેને છાનામાના દવા ખવરાવી દીધી, એટલે તેને કસુવાવડ થઈ ગઈ.

પાસેની પડોશણે આ બધો ઘાટ જોયો. તેણે નવી વહુને સમજણ પાડી કે, તને છોકરાં થાય તો તું ઘરની માલિક થઈ બેસે, તે માટે તારી શોક તને કશું ખવરાવીને કસુવાવડ કરાવી દે છે. માટે હવે તને દહાડા રહે ત્યારે તેને ખબર પડવા ન દઈશ, અને તેના હાથનું કશું ખાઈશ પીશ નહીં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવી વહુએ હવે તેમ કર્યું. પણ જ્યારે તેના પેટ વગેરેના આકાર ઉપરથી જૂનીને ખબર પડી, ત્યારે તે નવી વહુને વઢવા લાગી કે, તેં દહાડા રહ્યાની ખબર કેમ મને ન કહી ?

નવીએ કશો સીધો જવાબ ન આપ્યો. પણ જૂની વહુ સમજી ગઈ કે, નવી વહુને મારા ઉપર વહેમ ગયો છે.

તે હવે તેને દવા ખવરાવવાનો કંઈક ઉપાય શોધવા લાગી. એક વખત લાગ જોઈ તેણે થોડી દવા નવી વહુના ખોરાકમાં ભેળવી દીધી. નવી વહુએ તે ખોરાક ખાધો; પરંતુ આ વખતે ગર્ભ મોટો થઈ ગયો હતો એટલે ગળી પડ્યો નહિ. પણ નવી વહુનું શરીર તે પીડામાં ભાગી ગયું.

મરતી વખતે તેણે બૂમો પાડી પાડીને જૂની વહુને સંભળાવ્યું કે, 'તેં મારાં ત્રણ છોકરાં માર્યાં, અને છેવટે મારો પણ જીવ લીધો. હવે પછીને જન્મે હું તારાં ત્રણ છોકરાં ખાઉં અને તને પણ ખાઉં ત્યારે ખરી !'

મરતી વખતની આ કારમી ઇચ્છાથી નવી વહુ બીજે જન્મે તે જ ઘરમાં બિલાડી થઈને જન્મી. નવી વહુના મરવાનું કારણ જાણી જૂની વહુને તેના પતિએ એટલો બધો ઢોરમાર માર્યો કે, તે પણ થોડા દિવસમાં મરી ગઈ અને એ જ ઘરમાં મરઘી થઈને જન્મી.

આ મરઘીએ ઈંડાં મૂક્યાં કે તરત પેલી બિલાડી આવીને ખાઈ ગઈ. ત્રણ વખત બિલાડીએ આમ જ કર્યું, અને પછી તો તેણે મરઘીને જ પકડી. મરઘીએ મરતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વખતે વિચાર્યું કે, આ બિલાડી ત્રણ વખત મારાં ઈંડાં ખાઈ ગઈ અને હવે મને પોતાને જ ખાય છે; તો હવે પછીને જન્મે હું તેને અને તેની સંતતિને ખાઉં એવું થજો.

પછીને જન્મે મરઘી વાઘણ થઈ અને બિલાડી હરણી થઈ. હરણીએ ત્રણ વખત બચ્ચાંને જન્મ આપ્યો, પણ દરેક વખતે પેલી વાઘણ તે બચ્ચાંને ખાઈ ગઈ. પછી તો વાઘણે હરણીને જ પકડી. મરતી વખતે હરણીએ વિચાર્યું કે, આ વાઘણ ત્રણ વખત મારાં બચ્ચાંને ખાઈ ગઈ, અને હવે મને જ ખાવા લાગી છે; તો પછીને જન્મે હું તેને અને તેની સંતતિને ખાઉં એવું થજો.

પછીને જન્મે હરણી (એટલે કે નવી વહુ) શ્રાવસ્તિ નગરીમાં એક શ્રીમંત ઘરમાં દીકરી તરીકે જન્મી. તેનું નામ ભદ્રા પાડવામાં આવ્યું. અને પેલી વાઘણ (એટલે કે જૂની વહુ) તે જ નગરીમાં તેવા જ સુખી ઘરમાં દીકરી તરીકે જન્મી. તેનું નામ ધન્યા પાડવામાં આવ્યું. નસીબજોગે તે બંનેનાં લગ્ન સુબાહુ નામના એક જ પતિ વેરે થયાં. ભદ્રા (એટલે કે નવી વહુ) આ વખતે પહેલી પરણી હતી. પરંતુ તેને સંતાન ન થવાથી તે પોતે જ ધન્યાને સમજાવીને શોક તરીકે ઘરમાં લાવી. ધન્યાએ થોડા મહિના બાદ પુત્રને જન્મ આપ્યો. ભદ્રા તે પુત્રને જાતે જ બરાબર સાચવતી તથા ઉછેરતી. આજુબાજુનાં આડોશીપાડોશી ભદ્રાનાં ખૂબ વખાણ કરતાં. ધન્યા પણ ભદ્રાની મમતાથી ગળગળી થઈ જતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ જ્યારે ચારે તરફ કોઈને વહેમ પડે તેવું ન રહ્યું, ત્યારે ભદ્રાએ તે છોકરાને મારી નાખ્યો. કોઈને કશી ખબર પડી નહીં; અને બધાંની સાથે ભદ્રા પણ ખૂબ શોક કરતી છાતી કૂટવા લાગી!

થોડા મહિના બાદ ધન્યાએ ફરીથી પુત્રને જન્મ આપ્યો. ભદ્રા આ વખતે બહુ જ કાળજીથી અને જતનથી તે પુત્રને ઉછેરવા લાગી. બધાં તેની કાળજી અને સાચવણીથી રાજી રાજી થઈ ગયાં. પછી જ્યારે કોઈને વહેમ પડે તેવું ન રહ્યું, ત્યારે તેણે તે છોકરાને પણ છાનોમાનો મારી નાખ્યો. સૌ ભારે શોક કરવા લાગ્યાં.

પરંતુ આ વખતે ધન્યાને મનમાં વહેમ આવ્યો કે, ભદ્રા જ મારાં છોકરાંને મારી નાખે છે. પણ ભદ્રાની ખ્યાતિ એવી સારી હતી કે, ધન્યા પોતાનો વહેમ કોઈને કહી શકી નહીં. પણ ત્રીજી વખત જ્યારે તે ગર્ભવતી થઈ, ત્યારે તેણે પતિને કહ્યું કે, આ વખતે હું સુવાવડે માટે મારે પિયર જ જઈશ, અને પછી છોકરો બરાબર મોટો થશે ત્યારે જ પાછી આવીશ.

પતિએ સહજભાવે એ વાત કબૂલ રાખી. ધન્યાએ પોતાને પિયેર એક સુંદર પુત્રને જન્મ આપ્યો. ભદ્રા આ તરફ ધન્યાને તથા તેના પુત્રને તેડી લાવવા પતિ ઉપર દબાણ કરવા લાગી.

છેવટે, ભદ્રા તથા તેનો પતિ બંને જણ ધન્યાને તેડી લાવવા તેને પિયેર ગયાં અને તેને તથા તેના પુત્રને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લઈને પોતાના ઘર તરફ આવવા નીકળ્યાં. ધન્યા ભદ્રાના મોં સામું જોઈ જોઈને બહુ દુઃખી થવા લાગી. એને એમ જ લાગવા માંડ્યું કે, ઘેર પહોંચતાં જ ભદ્રા એક-બે દિવસમાં છોકરાને મારી નાખશે. પણ ભદ્રાની આબરૂ એટલી બધી સારી હતી, તથા પતિને પણ ભદ્રા ઉપર એટલો બધો વિશ્વાસ હતો કે, ધન્યા કશું મોંએ કહી શકી નહીં. ભદ્રા હસતી હસતી વારંવાર છોકરા સામું જ જોયા કરતી. તેવામાં એક વખત ધન્યાએ ભદ્રાની આંખમાં એવો વિકાર જોયો કે, તે પોતાના છોકરાને લઈને પાછી દોડી; અને માર્ગમાં એક સ્થળે બુદ્ધ ભગવાન ઉપદેશ આપતા હતા ત્યાં જઈ, તેમના ચરણમાં તેણે પોતાના છોકરાને મૂકી દીધો. પાછળ જ તેનો પતિ અને ભદ્રા પણ દોડતાં દોડતાં આવ્યાં.

બુદ્ધ ભગવાન બધો ઘાટ સમજી ગયા. તેમણે તે સૌને પાસે બેસાડીને એક જન્મનું વેર બીજા જન્મમાં કેવી રીતે ચાલ્યા કરે છે, અને તે જન્મનું વેર પાછું તેની પછીના જન્મમાં કેવું ચાલ્યા કરે છે, તે વિષે એક વાત ઉપાડી. એક જન્મમાં એક નોળિયાએ સાપને માર્યો; પછીના જન્મમાં તે સાપે વાઘ થઈને, હરણ બનેલા નોળિયાને માર્યો; ઇત્યાદિ. પછી જન્મોજન્મ એ વેરને એમ ચાલ્યા કરતું તથા વધતું જતું બતાવીને ભગવાને કહ્યું કે, આ વેર-ચક્રને અટકાવવાનો સાચો ઉપાય એ છે કે, વેરને પ્રેમથી ભૂંસી કાઢવું. વેરનો બદલો લેવાથી વેરનો અંત આવતો નથી, પણ નવું વેર પાછું ઊભું થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બુદ્ધ ભગવાનના આ ઉપદેશની અસર ખાસ કરીને બંને વહુઓ ઉપર ભારે થઈ. જાણે તેમના જ પૂર્વજન્મના વેરની વાત જાણી લઈને ભગવાન આ બધું ન સંભળાવતા હોય! ભદ્રાની આંખમાંથી ચોધાર આંસુ વહેવા લાગ્યાં. તે ઊઠીને બોલ્યા વિના ભગવાનને ચરણે પડી, અને પછી ધીમે ધીમે ઊઠીને ધન્યા પાસે ગઈ અને તેના ખોળામાં માથું મૂકી ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગી. ધન્યાની આંખમાં પણ આંસુ માતાં ન હતાં. તેણે પણ ભદ્રાનું માથું ઊંચું કરી હૃદય સરસું દાબ્યું, અને પછી પોતાના પતિના ખોળામાંથી પોતાનો દીકરો લઈને પોતાને હાથે ભદ્રાના ખોળામાં મૂકી દીધો!

ભદ્રા રડતી રડતી તે છોકરાના મોં સામું જોઈ રહી, અને પછી તરત તે છોકરાને છાતી સરસો લઈ, બુદ્ધ ભગવાનને ચરણે પડી.

આમ, એ ત્રણ ત્રણ જન્મથી ચાલતા આવેલા વેરનો, ભગવાનના ચરણ સમક્ષ, અંત આવી ગયો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

ભાઈ ભાઈનો ઝઘડો

શાક્યવંશી ક્ષત્રિયો અને કોલીયવંશી ક્ષત્રિયો ભાઈ ભાઈ થાય. તેઓ રોહિણી નદીને સામસામે કાંઠે આવેલાં બે ગામમાં રહે. શાક્યો કપિલવસ્તુ ગામમાં અને કોલીયો કોલીય ગામમાં.

બંનેએ મળીને રોહિણી નદીના નાના પ્રવાહને બંધ વડે બાંધી લીધો હતો; અને પછી તે પાણી વડે તે લોકો પોતપોતાનાં ખેતરોમાં ડાંગરની ખેતી કરતા.

જેઠ મહિનો આવ્યો, તે વખતે રોપ કરમાવા માંડયા. એટલે બંને ગામનાં ખેતરોમાં કામ કરતા મજૂરો ભેગા થયા. કોલીય-ગામવાળા બોલ્યા : "આ પાણી જો બંને બાજુનાં ખેતરોમાં વાળીશું, તો નહીં તમને પૂરતું થાય અને નહીં અમને પૂરતું થાય. અમારો પાક તો એક પાણીથી જ તૈયાર થઈ જાય તેવો છે; એટલે પાણી અમને વાળી લેવા દો."

જવાબમાં સામાવાળા બોલ્યા : "તમે તમારા કોઠાર ભરી લો, એટલે પછી અમે અમારાં ધરેણાંગાંઠાં અને પૈસાટકા લઈ, હાથમાં થેલા-ટોપલા સાથે તમારે ઘરબારણે રઝળતા થઈએ કેમ ? અમારો પાક પણ એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ પાણીથી તૈયાર થાય તેવો છે, એટલે આ પાણી અમને જ લેવા દો !"

"ના, એ નહીં બને ! અમે નહીં લેવા દઈએ !"

"અમે પણ નહીં લેવા દઈએ !"

એવી બોલાબોલામાંથી એક ઊઠી સામાને તમાચો લગાવી દીધો. પેલાએ પણ સામો દીધો. એમાંથી વાત વધી, અને પછી તો એકબીજાના માલિકોના કુળના ગોટાળાઓનો ગંદવાડ સામસામો ફેંકતા તેઓ ઝઘડવા લાગ્યા.

એમ થોડું વઢી-ઝઘડી તેઓ પોતપોતાના માલિકો પાસે ફરિયાદો કરતા દોડ્યા. માલિકો પણ તે સાંભળી હથિયાર લઈ નીકળી આવ્યા અને નદી આગળ ભેગા થયા.

"આવી જાઓ, જોઈએ તો ખરા તમો આવા આવાનું જોર !"

"આવી જાઓ, અમો પણ જોઈએ તમો તેવા તેવાનું જોર !"

થોડી વારમાં તલવારો ખેંચાઈ હોત અને સામ-સામે લોહી રેડાયું હોત. પરંતુ તેવામાં તેઓની વચ્ચે પડીને એક જણ બોલ્યો :

"ભાઈઓ, જરા સાંભળો. આ પાણીની કિંમત કેટલી ગણો છો ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પાણીની વળી શી કિંમત? બહુ તો એક ફસલ જેટલી!"

"હવે, એક ક્ષત્રિયવંશી માણસની કિંમત શી ગણો છો?"

"ક્ષત્રિયની તે વળી કિંમત ગણાય? તે તો અમૂલ્ય કહેવાય."

"તો પછી, ભાઈઓ, થોડીક ડાંગર જેટલી કિંમતના પાણી માટે તમે ક્ષત્રિય ભાઈ ભાઈ સેંકડોની સંખ્યામાં કપાઈ મરવા તૈયાર થયા છો, એમાં શું ડહાપણ છે?"

કોઈ પક્ષવાળા આ સવાલનો જવાબ આપી શક્યા નહીં. બંને પક્ષ ઠંડા પડી ઝઘડાનો સમજપૂર્વક નિવેડો લાવી, સામસામે એકબીજાને ભેટી, પોતપોતાને ઘેર ગયા.

આ ઝઘડો અટકાવવા વચ્ચે પડનાર પુરુષ કોણ હતા, તે સમજ્યા? પછીથી બુદ્ધ ભગવાન તરીકે આખા જગતમાં જે જાણીતા થયા, તે પુરુષ જ તે હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

લડાઈ

જલચર પંખીઓનો રાજા હંસ એક સરોવરને કિનારે રહેતો હતો. સ્થલચર પંખીઓનો રાજા મોર એક પર્વત ઉપર રહેતો હતો. બંનેનાં રાજ્ય મોટાં હતાં તથા પાસે પાસે આવેલાં હતાં.



એક વખત હંસના રાજ્યમાંથી એક બગલો ફરતો ફરતો મોરના રાજ્યમાં ગયો. તે ત્યાં કેટલાક દિવસ રહ્યો. ત્યાંનાં પંખીઓએ તેને પૂછ્યું : "તને અમારું રાજ્ય કેવું લાગે છે? તથા અમારો રાજા કેવો છે?"

બગલો તુચ્છકારથી હસીને બોલ્યો : "આવો મારવાડ જેવો નિર્જળ દેશ, અને સ્ત્રીઓની પેઠે રંગબેરંગી ટીલડીઓ પહેરીને ફરતો તમારો રાજા! વાહ દેશ, વાહ રાજા!"

પંખીઓએ કહ્યું : "કમળની પાંખડીઓ ફોલી ખાનારો તમારો રાજા અને કાદવકીચડથી સડચા કરતો તમારો દેશ! શા મોંએ તું અમારી નિંદા કરે છે?"

પછી તો વાતવાતમાંથી બોલાબોલી અને બોલાબોલીમાંથી મારામારી થઈ બેઠી! એટલે નગરના કોટવાળે તે બધાંને પકડીને મોરરાજા પાસે રજૂ કર્યાં.

3 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંખીઓએ પોતાના બચાવમાં કહ્યું : "મહારાજ, આ દુષ્ટ બગલો આપણા રાજ્યમાં આવી, આપની અને આપણા રાષ્ટ્રની આમ આમ નિંદા કરે છે."

મોરરાજા આ સાંભળી ગુસ્સે થઈ ગયો અને તેણે બગલાને કહ્યું : "જા, હમણાં જ જઈને તારા રાજાને કહે કે, અમે લડવા આવીએ છીએ; રણમેદાનમાં જણાશે કે, કોણ સ્ત્રી જેવું છે અને કોણ શૂરવીર છે."

મોરરાજાનો વજીર ગીધ વચ્ચે પડ્યો. તેણે કહ્યું : "આવી નકામી વાતમાંથી તે લડાઈનું કહેણ મોકલાતું હશે? અને લડાઈથી કશી બાબતનો ફેંસલો થાય ખરો? લડાઈમાં શૂરવીર જ જીતે અથવા જે સાચો હોય તે જ જીતે, એમ શી રીતે કહેવાય?"

મોરે ગીધને ધમકાવી ચૂપ કરી દીધો. અને બગલો મોરરાજાનો સંદેશો લઈ વિદાય થયો.



થોડા વખતમાં બંને રાજાઓ વચ્ચે ભારે લડાઈ થઈ. બહાદુરીથી લડવા છતાં મોરરાજાનું ઘણું લશ્કર હણાયું. તેણે હવે યુક્તિનો આશરો લીધો. થોડા કાગડાઓને સમજાવીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેણે હંસરાજાના રાજ્યમાં મોકલ્યા. કાગડાઓએ હંસરાજ પાસે જઇને મોરરાજાની નિંદા કરવા માંડી. 'એ દુષ્ટ મોરરાજાને સમજાવવા જતાં તેણે અમને દેશનિકાલ કર્યા છે,' એવી વાત તેમણે કહી.

હંસરાજાએ ખુશીથી તે કાગડાઓને પોતાના કિલ્લામાં આશરો આપ્યો. લાગ જોઈ, એક દહાડો તેઓએ કિલ્લો ચારે બાજુથી સળગાવી મૂક્યો. ભારે દોડધામ અને હોહા થઈ ગઈ. આ લાગ સાધી મોરરાજાએ પોતાનું રહ્યુંસહ્યું લશ્કર એકઠું કરી હંસરાજા ઉપર હુમલો કર્યો.

હંસરાજા હાર્યો અને માંડ જીવ બચાવી નાસી છૂટ્યો.



ગીધે હવે મોરરાજાને કહ્યું: "આપણે જીત્યા ખરા, પણ તે આપણા બળથી જીત્યા નથી. હંસરાજા અત્યારે નાસી ગયો છે, પણ જરૂર તે ફરી લશ્કર ભેગું કરીને થોડા દિવસમાં પાછો આવશે. ચોમાસું બેસશે એટલે જળચર પંખીઓ બમણું જોર કરી શકશે, અને આપણે આ કીચડવાળા દેશમાં ફાવીશું નહિ. માટે આ નાહક ઊભી થયેલી લડાઈ અહીંથી જ પતાવી દો, અને હંસરાજા સાથે સુલેહ કરી તેનું રાજ્ય પાછું આપી તેને રાજી કરો. તો જ આ વધતા જતા વેરનો અંત આવશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોરરાજાએ ગીધનું કહ્યું ન માન્યું. તેણે તો હંસરાજાને પોતાની સાથે કેદી તરીકે લઈને જ પોતાને દેશ પાછા ફરવાનો નિરધાર કર્યો.

સારસ

બીજી બાજુ હંસરાજાના વજીર ચાતકે સારસોની એક ટુકડીને પાછળથી મોરરાજાની રાજધાની ઉપર હુમલો કરવા મોકલી. રાજધાનીમાં રાખેલું મોરરાજાનું થોડુંઘણું લશ્કર કપાઈ ગયું અને સારસોએ મોરરાજાની રાણીઓની માઠી વલે કરી.

આ સમાચાર મળતાં જ પોતાની રાણીઓને છોડાવવા મોરરાજાએ પોતાના લશ્કર સાથે રાજધાની તરફ દોડી જવાનો વિચાર કર્યો.

તે વખતે ગીધે તેને ફરીથી કહ્યું કે, એમ કરીશું તો હંસરાજા આપણી પાછળથી બીજો હુમલો કરશે. તેના કરતાં હવે આ કારમી લડાઈ લંબાવવાને બદલે હંસરાજા સાથે દોસ્તી કરીને બધો ઝઘડો પતાવી દો. આપણે તેને રાજ્ય પાછું આપીશું, તો હજુ આપણો હાથ ઊંચો રહેશે અને તે તરત આપણો દોસ્ત થશે.

મોરરાજાને હવે કંઈક સમજ આવી. તેણે હંસરાજા સાથે સુલેહ કરવા ગીધને જ મોકલ્યો.

ગીધે જઈને હંસરાજાને કહ્યું: "આ લડાઈ નકામી ઊભી થઈ છે. એને લંબાવવાથી આપસઆપસમાં વેર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધતું જાય છે. મોરરાજાને તમારી સામે કશો દ્વેષ નથી. તે તમારી મિત્રતા જ ઇચ્છે છે. તમારું રાજ્ય તે તમને પાછું આપે છે, અને તમને જાતે મળી દોસ્તી કરવા માગે છે."


ચાતક

હંસરાજાને થયું કે, આમાં પણ કાગડાઓ જેવું કંઈક કાવતરું તો ન હોય! પરંતુ હંસરાજાના વજીર ચાતકે હંસરાજાને સમજાવ્યો; અને મોરરાજા જાતે દોસ્તી કરવા આવતો હોય, તો પ્રેમથી તેનો સત્કાર કરવો, એવી સલાહ આપી.

હંસરાજા કબૂલ થયો. તેણે પોતાના રાજ્યમાં ચારે તરફ તોરણો બંધાવ્યાં અને ઉત્સવ કરાવ્યો. મોરરાજા આવ્યો ત્યારે તે તેને સામો લેવા ગયો અને પ્રેમથી ભેટ્યો. પછી બંને જણા દરબારમાં એક જ સિંહાસન ઉપર બેઠા. નજીવી વાતમાંથી કેવી કારમી લડાઈ ઊભી થઈ, તેનો વિચાર કરી બંને પસ્તાવા લાગ્યા.

મોરરાજા થોડા દિવસ હંસરાજાની પરોણાગત ચાખી પોતાને દેશ પાછો ફર્યો, ત્યારે હંસરાજની સાચી દોસ્તી પણ સાથે લેતો ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

તકરારનો છેડો

તકરાર હંમેશાં બંને પક્ષની મદદથી જ આગળ ચાલે છે. શરૂઆત ભલે એક પક્ષે કરી હોય; પરંતુ સામો પક્ષ તેમાં ન જોડાય, તો તકરાર ઊભી જ ન થાય. તકરાર એક વાર ઊભી થયા પછી બંને પક્ષ તેમાં સામસામાં કારણો આપ્યા કરે છે; એટલે તે લંબાયા કરે છે. જો બેમાંથી એક પક્ષ પણ તે તકરાર ઊભી થવામાં પોતે આપેલા ફાળો જોઈને તેમાંથી ખસી જાય, તો તકરારનો તરત છેડો આવી જાય.

બુદ્ધ ભગવાનના સમયની વાત છે. વિશાખા બુદ્ધ ભગવાનની પરમ ભક્ત અને પરમ ધનિક શિષ્યા હતી. બુદ્ધ ભગવાનના શિષ્યોને તેના ઘરમાં જ્યારે જોઈએ ત્યારે અન્નપાન નિરંતર મળતાં.

એક વખત એક વૃદ્ધ ભિક્ષુ પોતાની સંભાળ હેઠળના એક જુવાનિયા ભિક્ષુ સાથે વહેલી સવારે વિશાખાને ઘેર ભિક્ષા માગવા ગયો. વિશાખાને ત્યાં કાંજી પીધા બાદ, પેલા જુવાન ભિક્ષુને ત્યાં બેસાડી, વૃદ્ધ ભિક્ષુ બીજાને ઘેર ગયો. તે વખતે વિશાખાના પુત્રની દીકરી પોતાની દાદી વતી ભિક્ષુઓના સત્કારનું કામ સંભાળતી હતી. તે પેલા જુવાન ભિક્ષુ માટે વાસણમાં પાણી ગાળતી હતી, તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વખતે તે વાસણના હાલતા પાણીમાં પોતાના મોંનું વિચિત્ર રીતે હાલતું દેખાતું પ્રતિબિંબ જોઈને તે હસી પડી. પેલો જુવાન તેને હસતી જોઈને હસવા લાગ્યો. એને હસતો જોઈ તે બોલી, 'માથા-મૂંડો મારી સામું જોઈ હસે છે શાનો વળી!' તેના જવાબમાં પેલો બોલ્યો: 'તું માથા-મૂંડી, તારો બાપ માથા-મૂંડો, અને તારી મા પણ માથા-મૂંડી!'

પેલી રડતી રડતી રસોડામાં પોતાની દાદી વિશાખા પાસે દોડી ગઈ. દાદીએ રડવાનું કારણ પૂછ્યું. તેણે દાદીને બધી વાત કહી સંભળાવી. વિશાખા તરત પેલા ભિક્ષુ પાસે આવી અને બોલી, 'ભદંત! આપ ગુસ્સે શા માટે થાઓ છો? માથાના વાળ મૂંડાવી, ફાટેલાં વસ્ત્રોની કંથા પહેરી, હાથમાં ઠીબ લઈને ભિક્ષા માટે ફરનાર ભિક્ષુને કોઈ માથા-મૂંડો કહે, તો એમાં ખોટું લગાડવા જેવું શું છે?'

જુવાન ભિક્ષુએ જવાબ આપ્યો: "બાઈ, તમે મારા માથાના વાળ મૂંડાવ્યાનું તો બરાબર સમજતાં લાગો છો; પણ આણે મને 'માથા-મૂંડો' કહી ગાળ દીધી, એ શું તમને સમજાતું નથી?"

વિશાખા એ જુવાનને કે પોતાની પૌત્રીને સમજાવીને શાંત ન પાડી શકી.

એટલામાં એ જુવાન ભિક્ષુને સંભાળનારો પેલો વૃદ્ધ ભિક્ષુ ત્યાં આવી પહોંચ્યો. તેણે બધી તકરાર જાણ્યા બાદ પેલા જુવાનિયાને ઠપકો આપતાં કહ્યું: "માથું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂંડાવી, હાથમાં કટકો ઠીબ લઈને ભિક્ષા માટે ફરનાર ભિક્ષુને 'માથા-મૂંડો' શબ્દમાં ખોટું લગાડવા જેવું શું છે?"

એ સાંભળી પેલો જુવાનિયો બોલ્યો: "વાહ! તમે પોતાની આ ઉપાસિકાને કશો ઠપકો આપવાને બદલે મને શા માટે આ બધું સંભળાવો છો? ભિક્ષુને 'માથા-મૂંડો' કહી સંબોધવો એ શું યોગ્ય છે?"

એટલામાં બુદ્ધ ભગવાન ત્યાં આવી પહોંચ્યા. તેમણે આ બધી તકરારનું કારણ પૂછ્યું. વિશાખાએ શરૂઆતથી માંડીને બધું કહી સંભળાવ્યું. ભગવાને વિશાખાને કહ્યું: "મારા શિષ્યો માથાના વાળ મૂંડાવી વિચરે છે, તેટલા માટે જ તારી પૌત્રી તેમને 'માથા-મૂંડા' કહી સંબોધે, એ શું યોગ્ય છે વારુ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સાંભળી તરત પેલો જુવાન ભિક્ષુ ઊભો થઈ, હાથ જોડી બોલી ઊઠ્યો : 'ભગવન્! આ સવાલ આપ જ બરાબર સમજ્યા. મારા આ ઉપાધ્યાય કે આ ઉપાસકો એ સવાલ સમજી જ ન શક્યાં.'

પછી ભગવાને તેને પણ સંભળાવતાં કહ્યું : 'અસંયમીપણે ગમે તેમ હસ્યા કરવું, એ પણ હીન ધર્મ છે; અને હીન ધર્મ કે પ્રમાદ ભિક્ષુએ કદી ન સેવવાં જોઈએ.'

આ સાંભળી પેલા જુવાન ભિક્ષુને પોતાની ભૂલ પણ સમજાઈ. તેણે કબૂલ કર્યું કે, 'પેલી છોકરીને હસતી જોઈ હું હસવા લાગ્યો ન હોત, તો મારે પેલી ગાળ સાંભળવી ન પડત. મેં મારા ભિક્ષુધર્મને ન સંભાળ્યો, એટલે તે એવા શબ્દો બોલી; પરંતુ તે શબ્દો બોલવા તેને માટે યોગ્ય હતા કે નહીં તેની તકરાર માંડવાને બદલે, હું મારી ભૂલ સમજીને શાંત બેસી રહ્યો હોત, તો આ કશી તકરાર આગળ ન વધત.'

સાથે ઊભેલા સૌએ તેની આ સમજને વખાણી. પછી ભગવાન ભિક્ષુઓ સાથે પોતાના ઉતારા તરફ વિદાય થયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬

બેની લડાઈમાં ત્રીજો ફાવે

બુદ્ધ ભગવાન કેટલાક સાધુઓ એક ગામના ઉતારામાં ચોમાસું કરવા રહ્યા હતા. ગામલોકોએ પોતાની છત પ્રમાણે તેમને બરછટ કે સુંવાળા એવા કામળા કે કામળી ઓઢવાપાથરવા આપ્યાં હતાં. ચોમાસું પૂરું થતાં સાધુઓ પોતપોતાને મળેલી ચીજો સાથે લઈને કે પાછળ મૂકીને ચાલવા લાગ્યા. છેવટે બે સાધુઓ અને બે બરછટ ગુણપાટ તથા એક સુંવાળું બનૂસ પાછળ બાકી રહ્યાં.

હવે તે બે સાધુમાં તકરાર પડી કે, પેલું સુંવાળું બનૂસ કોણ લે? તેવામાં તે ગામે થઈને પસાર થતા ઉપનંદ નામે સાધુને તેમણે જોયો. તેઓએ તેને પોતાનો ઝઘડો પતાવી આપવા વિનંતી કરી. ઉપનંદને આવા ઝઘડાઓમાં કાજીપણું કરવાનો શોખ હતો, અને તેમાંથી તે લાભ પણ ખાટતો. તેણે તરત તે ઝઘડાનો નિકાલ લાવી આપવાનું કબૂલ કર્યું. બંને સાધુને તેણે પેલાં બે બરછટ ગુણપાટમાંથી એક એક વહેંચી આપ્યું, અને તકરાર પતાવી આપવાની ફી તરીકે પેલું સુંવાળું બનૂસ તેણે પોતે લઈ લીધું!

પેલા બે સાધુઓ મોં વકાસીને જોતા રહ્યા. પછી જ્યારે તેઓ બુદ્ધ ભગવાનને મળ્યા, ત્યારે તેમણે ઉપનંદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિષે ફરિયાદ કરી. બુદ્ધ ભગવાને જવાબમાં તેમને નીચેની વાત કહી:

ગંગા કિનારે બે જળબિલાડીઓ રહેતી હતી. એક વખત તેમાંની એકે રોહિત જાતનું મોટું માછલું પકડ્યું. પણ તે માછલું તે બિલાડીને જ જોર કરીને પાણીની અંદર ખેંચી જવા લાગ્યું. ત્યારે તે જળબિલાડીએ બીજીને કહ્યું કે, 'તું જો મદદ કરે તો આપણે બંને થઈને આને બહાર ખેંચી કાઢીએ, અને પછી બંને જણ આનંદથી તેને ખાઈએ.'

પેલી બીજી જળબિલાડી તરત તેની મદદે ગઈ, અને પછી બંનેએ મળીને તે માછલું બહાર ખેંચી કાઢ્યું. રોહિત માછલાનું માથું અને પૂંછડી નકામાં હોય છે; વચલો ભાગ જ સારો ગણાય છે. પેલી બે જળબિલાડીઓમાં હવે તકરાર પડી કે, એ માછલાનો વચલો ભાગ કોણ લે? પહેલી બિલાડી કહે કે, તેને પહેલું મેં પકડ્યું હતું, એટલે મારો હક કહેવાય. ત્યારે બીજી કહે કે, મેં મદદ ન કરી હોત તો તેને તારે છોડી જ દેવું પડ્યું હોત, માટે મારો હક કહેવાય.

આ તકરાર લાંબી ચાલી; અને તે બેમાંથી કોઈ જ કશી સમજૂતી ઉપર આવવા તૈયાર ન થયું. એવામાં ત્યાં થઈને એક શિયાળ જતું હતું. બંનેએ તેને બોલાવીને વાત કરી, તથા ન્યાયથી ભાગ વહેંચી આપવા જણાવ્યું. શિયાળે કહ્યું કે, ભલભલી મોટી તકરારો મેં ચૂકવી આપી છે; તો આ નાનીસૂની તકરારનો તો શો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિસાબ? પણ તમે બંને મારો ચુકાદો કબૂલ રાખવા બંધાઓ, તો જ હું તમારા ઝઘડામાં વચ્ચે પડું!

બંને જળબિલાડીઓ તેનો ચુકાદો માથે ચડાવવા કબૂલ થઈ. પછી શિયાળે પેલા માછલાના ત્રણ ટુકડા કર્યા: માથું પહેલીને આપ્યું, પૂંછડું બીજીને આપ્યું, અને વચલો ભાગ પોતાની મહેનતના બદલા તરીકે લઈને રસ્તો પકડયો!

બંને જળબિલાડીઓ મોં વકાસીને જોઈ રહી. પછી તેમાંની પહેલી બોલી કે, જો આપણે બંનેએ સમજીને વચલો ભાગ થોડો થોડો લીધો હોત, તો આમ એકને નર્યું સૂકું માથું અને બીજીને ચવડ પૂંછડું ચાવવાનો વારો ન આવત!

પેલું શિયાળ જ્યારે વચલો ભાગ લઈને પોતાની શિયાળવી પાસે ગયું, ત્યારે તે રાજી થતી થતી પૂછવા લાગી કે, તમે પાણીમાં પેસી શકતા નથી, છતાં ભલભલા માછી-મારના હાથમાં પણ ન આવે તેવા રોહિત માછલાનો વચલો ભાગ કેવી રીતે લાવ્યા?

શિયાળે કહ્યું: તકરાર પડવાથી પ્રાણીઓ નુકસાનમાં ઊતરે છે; બે જળબિલાડીઓની તકરારમાં મને આ ઉત્તમ માછલાનો ઉત્તમ ભાગ મળ્યો છે.

બે જણમાં જ્યારે તકરાર પડે છે, ત્યારે તેઓ ત્રીજા પાસે ન્યાય કરાવવા દોડે છે. એ ત્રીજો તેમનો કાજી થાય છે અને પોતાનું પેટ ભરે છે! એ ત્રીજો જેટલું પડાવી જાય છે, તેનો દશમો ભાગ પણ જો પેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેમાંથી એક જણ જતો કરવા તૈયાર થાય, તો તકરાર જ ઊભી ન થાય, અને બધો લાભ એ બે જણમાં જ વહેંચાય!

૭

કડવી શિખામણ

બુદ્ધ ભગવાનનો એક શિષ્ય બહુ ક્રોધી અને ચીડિયો હતો. તેની કોઈ ભૂલ બતાવે કે કોઈ તેને ટોકે, તો તે તરત સળગી ઊઠતો અને તેની સામે થઈ જતો. ભગવાનના જાણવામાં આ વાત આવતાં, તેમણે તેને બોલાવ્યો અને સમજાવીને કહ્યું કે, આપણી ભૂલ બતાવનાર તો ખરી રીતે આપણા ઉપર ઉપકાર કરે છે; તે બદલ તેનો આભાર માનવો જોઈએ. તેને બદલે તું તારી ભૂલ કાઢનાર ઉપર ગુસ્સે થઈ તેને નુકસાન કરવા તડે છે, તેમાં તને પોતાને જ નુકસાન છે. આ બાબતમાં કાશીના રાજાની એક વાત છે, તે તું સાંભળ :

કાશીના રાજાનો પુત્ર બ્રહ્મકુમાર જ્યારે સોળ વર્ષનો થયો, ત્યારે તેના પિતાએ તેને એક-તળિયા જોડાની જોડ, તાડછાંનું છત્ર, તથા એક હજાર સિક્કા આપીને કહ્યું કે, 'આ લે અને તક્ષશિલામાં ગુરુ પાસે ભણવા જા.' ખુદ કાશીમાં જ મોટા મોટા પંડિતો હાજર હતા; પણ પ્રાચીન કાળના રાજાઓ એમ વિચારતા કે, રાજ્યથી દૂર ગુરુને ત્યાં કુમારોને ભણવા મોકલીએ, તો તેમનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અભિમાન અને અહંકાર ઓછાં થાય, તેમનાં શરીર ટાઢ-તડકો વેઠી શકે તેવાં ખડતલ થાય, તથા તેમને વિવિધ પ્રકારના લોકજીવનની માહિતી મળે.

બ્રહ્મકુમાર લાંબી મુસાફરી પૂરી કરીને તક્ષશિલા પહોંચ્યો; અને ત્યાં એક જાણીતા ગુરુનું ઘર પૂછી, તેમને ત્યાં ગયો. ગુરુએ તેને પૂછ્યું : 'તું ક્યાંથી આવે છે?'

'કાશીથી.'

'તું કોનો પુત્ર છે?'

'કાશીના રાજાનો.'

'અહીં શા માટે આવ્યો છે?'

'વિદ્યા ભણવા.'

'વારુ, તું પૈસા આપીને ભણવા માગે છે કે ભણતરના બદલામાં ગુરુને ઘેર કામકાજ કરવાનો છે?'

'હું પૈસા આપીને ભણવાનો છું,' એમ કહી તેણે ગુરુ સામે પેલા સિક્કાની ઢગલી કરી.

જેઓ ગુરુને ઘેર કામકાજ કરીને ભણતા, તેઓ દિવસે કામ કરે અને રાતે ભણે; પરંતુ જેઓ પૈસા આપીને ભણે, તેઓ ગુરુને ઘેર મોટા દીકરાની પેઠે રહે અને માત્ર ભણે. ગુરુ તેમને અશુભ તિથિ સિવાયની તિથિઓએ દિવસે જ ભણાવે. બ્રહ્મકુમાર એ રીતે રહીને ભણવા લાગ્યો.

એક વાર ગુરુ સાથે તે નાહવા ગયો હતો. રસ્તામાં એક ડોસી ફોતરાં કાઢેલા તલ સૂકવવા બેઠી હતી. બ્રહ્મકુમાર તેમાંથી મૂઠી ભરી લઈને ખાતો ખાતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગળ ચાલ્યો. ડોસીએ તે જોયું ખરું; પરંતુ દૂર દેશાવરનો કોઈ છોકરો ગુરુને ઘેર ભણવા રહ્યો હશે, તેને મૂઠી તલ ખાવાનું મન થયું, તો ભલે ખાધા, એમ વિચારી તે કાંઈ બોલી નહીં.

પરંતુ બીજે દિવસે પણ તેમ જ બન્યું. ડોસી તોપણ બોલી નહીં. પણ ત્રીજે દિવસેય બ્રહ્મકુમારે એ પ્રમાણે જ મૂઠી ભરી, ત્યારે ડોસી તડૂકી ઊઠી અને રસ્તામાં આવી હાયપીટ કરવા લાગી.

ગુરુએ પાછા ફરીને તેને પૂછ્યું, 'અમ્મા, શું છે?'

ડોસીએ કહ્યું: 'સ્વામી, તમારો નિશાળિયો મેં સૂકવેલા તલમાંથી આજ એક, કાલે બીજી, અને ત્રીજે દિવસે ત્રીજી એમ મૂઠી ભરી ખાઈ લે છે; એમ તો તે મારું ઘર જ ખાઈ નાખશે.'

'અમ્મા, ફિકર ન કરશો; હું તલની કિંમત તમને અપાવીશ.'

ડોસીએ કહ્યું: 'મારે કિંમત નથી જોઈતી; પરંતુ આ છોકરો ફરી એવું ન કરે એવી શિખામણ તેને દેજો, એટલે બસ.'

'લો ત્યારે, અમ્મા તમે નજરે જ જુઓ.' એમ કહી, ગુરુએ કુમારના બે હાથ બે છોકરાઓ વડે પકડાવી, તેના બરડામાં વાંસની લાઠીના ત્રણ ફટકા લગાવી દીધા; તથા ફરીથી આવું ન કરવા કડક તાકીદ આપી.

કુમાર તો ગુરુ ઉપર ગુસ્સે થઈ જઈ, આંખો લાલ-ચોળ કરી, તેમના તરફ પગથી માથા સુધી વારંવાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોવા લાગ્યો. ગુરુએ પણ તેનો ગુસ્સો તથા તેની નજર જોઈ લીધાં.

કુમારે પછી ભણતરમાં મન પરોવી પોતાનો અભ્યાસ પૂરો કર્યો. પરંતુ, 'જ્યારે ત્યારે આનો બદલો હું લઈશ અને એને મારી નંખાવીશ ત્યારે જંપીશ,' એ જાતની ગાંઠ તેણે મનમાં વાળી રાખી. પછી ઘેર જતી વેળા તેણે ગુરુને વંદન કર્યાં અને સ્નેહ બતાવતો હોય તેમ આગ્રહ કરીને કહ્યું કે, 'હું કાશીનો રાજા થઈશ, ત્યારે આપને તેડું મોકલીશ; ત્યારે આપ મારે ત્યાં એક વાર જરૂર પધારજો.'

કુમારને વિદ્યાભ્યાસ પૂરો કરી પાછો આવેલો જોઈ, તેનો પિતા ઘણો રાજી થયો. પછી તે કેવું રાજ્ય કરે છે તે જોવા સારુ, પોતાના જીવતાં જ તેણે કુમારને ગાદીએ બેસાડ્યો. કુમાર એ પ્રમાણે રાજસત્તા ભોગવતો થયો, ત્યારે તેણે પોતાના ગુરુ ઉપરનું વેર યાદ લાવી, તેમને મારી નંખાવવા માટે પોતાની રાજધાનીમાં આવવા તેડું મોકલ્યું. ગુરુએ વિચાર્યું કે, આની હજુ ચડતી જુવાની છે; એટલે આ ઉંમરે તેને સમજણ નહીં પાડી શકાય. એમ માની, જ્યારે બ્રહ્મકુમાર મધ્યમ વયનો થયો ત્યારે જ, 'હવે તેને સમજણ આપી શકાશે' એમ માની, ગુરુ કાશીમાં આવ્યા. મહેલને દરવાજે ઊભા રહી તેમણે રાજાને કહેવરાવ્યું કે, તક્ષશિલાથી તમારા આચાર્ય આવ્યા છે. રાજાએ ખુશ થઈ તેમને પોતાની પાસે બોલાવ્યા. ત્યાર બાદ તેમને પોતાની પાસે આવેલા જોઈ, ગુસ્સે થઈ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંખો રાતીચોળ કરી, તેમને પગથી માથા સુધી જોતો જોતો તે પોતાના દરબારીઓને સંબોધીને બોલ્યો કે, 'ગુરુએ મારેલી લાકડીઓ હજુ મને બરડામાં દુઃખે છે; આજે તે મરવા માટે જ પોતાની જાતે મારી પાસે આવ્યા છે!' પછી તેણે ગુરુ સામે જોઈને કહ્યું: 'કેમ ગુરુજી, તમને યાદ આવે છે કે, તલની ત્રણ મૂઠીને કારણે તમે મારા બે હાથ પકડાવી મને ત્રણ લાઠીઓ બરડામાં લગાવી દીધી હતી?'

ગુરુએ શાંતપણે જવાબ આપ્યો: 'સમજુ પુરુષ કોઈની અણસમજને વારવા તેને દંડો મારે, તો તે કંઈ તેના ઉપર વેરને લીધે નહીં, પણ તેને સીધે રસ્તે લાવવા માટે કરે છે, એમ જાણવું જોઈએ. હે મહારાજ, મેં જો તે દિવસે તમને તે પ્રમાણે સજા કરીને પણ ચોરી કરતાં ન વાર્યા હોત, તો તમે નાનીમાંથી મોટી ચોરીઓ કરતા કરતા છેવટે ભણી રહેતા પહેલાં જ ત્યાંના રાજાના કોઈ મોટા અપરાધમાં આવીને ચોરલુટારુને થતી પ્રાણ-દંડની સજાના ભોગ બન્યા હોત. અત્યારે તમે જે રાજ-ગાદી ભોગવી રહ્યા છો, તે ખરી રીતે મારી તે દિવસની સોટીનો જ પ્રતાપ છે, એમ જાણો.'

ગુરુ રાજાને આ પ્રમાણે સમજણ આપી રહ્યા હતા, ત્યારે પાસે ઊભેલા દરબારીઓ પણ રાજાને હાથ જોડીને કહેવા લાગ્યા કે, 'મહારાજ, આપના ગુરુજી ખરું કહે છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજાને ગળે પણ એ વાત બરાબર ઊતરી. તેણે ઊભા થઈ તરત ગુરુને પ્રણામ કર્યા, અને પોતાનો રાજ-



મુગટ તેમને ચરણે ધરી દઈને કહ્યું કે, 'ખરેખર, આપે જ મને ખરાબ માર્ગે જતો બચાવીને કમોતે મરતો બચાવ્યો છે. આ બધું રાજપાટ પણ હું આપને પ્રતાપે જ જીવતો રહી ભોગવી રહ્યો છું. માટે તે બધું આપનું જ છે; આપ તેનો સ્વીકાર કરો!'

ગુરુએ મંદ હસીને કહ્યું: 'મહારાજ, મારે આ બધું રાજપાટ શું કરવું છે? તે ભલે તમારી પાસે જ રહે. સમજણા રાજાના હાથમાં રાજ્યનું હિત જ થશે.'

તોપણ રાજાએ ગુરુના કુટુંબને તક્ષશિલામાંથી તેડાવી મંગાવીને, ગુરુને પોતાના રાજપુરોહિત બનાવીને, પોતાના રાજ્યમાં જ રાખ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮

અંગુલિમાલ લૂંટારો

પૂર્વે અંગુલિમાલ નામે એક નામીચો લૂંટારો હતો. તેણે શ્રાવસ્તીની આસપાસ પુષ્કળ ગામો ઉજ્જડ કરી નાખ્યાં હતાં. તેનું અંગુલિમાલ નામ પડવાનું કારણ એ હતું કે, માણસનો વધ કરી, તે તેની આંગળી કાપી લેતો; પછી એ બધી આંગળીઓની માળા બનાવી તે ગળામાં પહેરતો. એમ કરતાં તે માળા જેમ લાંબી થતી જાય, તેમ તે આનંદ પામતો!

એક વખત બુદ્ધ ભગવાન ગામમાંથી ભિક્ષા લઈને, જે દિશામાં અંગુલિમાલ હતો, તે દિશા તરફ જતા હતા. રસ્તામાં ગોવાળિયાઓએ અને ખેડૂતોએ તેમને તે માર્ગે ન જવા ખૂબ આગ્રહ કર્યો અને કહ્યું: 'હે સાધુ, તું આ માર્ગે જઈશ મા. સામેના જંગલમાં અંગુલિમાલ નામે ભયંકર લૂંટારો રહે છે. પોતાના ગળામાં પહેરેલી માળામાં વધારો કરવા ખાતર પણ તે તને મારી નાખીને તારી આંગળી કાપી લેશે.'

પરંતુ બુદ્ધ ભગવાન તો કંઈ ઉત્તર આપ્યા વિના સ્થિર પગલે સીધા આગળ વધ્યા. થોડુંક ચાલ્યા પછી તે અંગુલિમાલની નજરે ચડ્યા. તેમને નિર્ભયપણે આવતા જોઈ અંગુલિમાલ નવાઈ પામી પોતાના મનમાં વિચારવા લાગ્યો, 'આ માર્ગે એકલા આવવાની કોઈ હિંમત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતું નથી. જ્યારે કોઈને આ માર્ગે આવવાનું થાય છે, ત્યારે તે ચાળીસ પચાસ માણસોના ટોળા સાથે આવે છે. પરંતુ આ માણસ ભારે સાહસથી એકલો ચાલ્યો આવે છે, એ અત્યંત નવાઈની વાત છે. મારે એને બરાબર પાઠ શીખવવો જોઈએ.'

આમ વિચારી, તે પોતાની ઢાલ તથા તલવાર લઈ, વેગથી બુદ્ધ તરફ દોડ્યો, અને બૂમ પાડીને કહેવા લાગ્યો, 'હે સાધુ, તું ઊભો રહે.'

બુદ્ધે થોભ્યા વિના ચાલતાં ચાલતાં જ જવાબ આપ્યો: 'હે અંગુલિમાલ, હું ઊભો છું, અને તું પણ ઊભો રહે!'

અંગુલિમાલને બુદ્ધનું કહેવું સમજાયું નહિ. તેણે કહ્યું: 'હે સાધુ, તું ચાલતો હોવા છતાં, ઊભો છું એમ કેમ કહે છે?'

બુદ્ધ બોલ્યા: 'હે અંગુલિમાલ, પ્રાણીમાત્ર પ્રત્યે પૂર્ણ દયાવાળો હોવાથી હું સ્થિર થયો છું; એ અર્થમાં હું ઊભો છું. પરંતુ પ્રાણીઓ વિષે તારા હૃદયમાં જરા પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દયા નથી, તે અર્થમાં તું અસ્થિર છે; તેથી મારી પેઠે તને પણ સ્થિર થવાનું હું કહું છું.'

આ સાંભળી અંગુલિમાલ બુદ્ધ તરફ મીટ માંડીને જોવા લાગ્યો. સર્વ પ્રાણીઓ પ્રત્યે દયા વરસાવતી તેમની આંખોની અસર અંગુલિમાલ ઉપર પડી. તેને પોતાનાં ક્રૂર કર્મો યાદ આવવા લાગ્યાં અને ભારે પસ્તાવો થવા લાગ્યો. તેણે બુદ્ધ ભગવાનને કહ્યું: 'હે મુનિ, તમારા આ શબ્દો સાંભળીને મને મારાં પાપકર્મોનો પસ્તાવો થાય છે. હું તેમાંથી બચવા ઇચ્છું છું; તમે મને તમારી સાથે રાખીને સુધારો.' એમ કહીને અંગુલિમાલ બુદ્ધ ભગવાનને ચરણે પડી તેમનો શિષ્ય બન્યો, અને તેમના ઉપદેશ મુજબ ચાલવા તૈયાર થયો.

અંગુલિમાલ ભિક્ષુ થયાના સમાચાર શ્રાવસ્તી નગરીમાં ફેલાતાં વાર ન લાગી. બુદ્ધે રાજા પાસે અંગુલિમાલના સર્વ અપરાધોની ક્ષમા અપાવી, અને તેને વિહારમાં પોતાની પાસે રાખ્યો.

હવે અંગુલિમાલ જ્યારે શ્રાવસ્તીમાં ભિક્ષા માગવા જતો, ત્યારે તેના ઉપર પથ્થરનો, રોડાંનો અને ધૂળનો વરસાદ વરસતો. કારણ કે, તેને હાથે કોઈ ને કોઈના સગાવહાલાનું મૃત્યુ થયું જ હતું. એક વખત તો મારથી તેનું માથું ફૂટી ગયું, તેની કંથા ફાટી ગઈ, અને તે લોહી દદડતે શરીરે બુદ્ધ પાસે આવ્યો.

બુદ્ધે તેને કહ્યું: 'હે બ્રાહ્મણ, સહન કર. કોઈ તરફ સામો હાથ ઉપાડવાનો વિચાર ન કરીશ. એમ માન કે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે પાપોનું ફળ હજારો વર્ષ નરકમાં રહીને ભોગવવું પડત, તે તું આ લોકમાં થોડામાં જ ભોગવી લે છે.'

લોકો તરફથી થતાં અપમાનથી કે ખાવા પડતા મારથી અંગુલિમાલનું ચિત્ત સહેજ પણ ખિન્ન થયું નહિ. ઊલટું તેનું મુખ પ્રાણીઓ પ્રત્યે મિત્રતાના ભાવથી પ્રકાશિત રહેવા લાગ્યું, અને જાણે કાંઈ બનતું ન હોય તેમ ભિક્ષા લેવા જવાનું તેણે ચાલુ રાખ્યું.

એક વખત અંગુલિમાલ નગરીમાં ભિક્ષા માગતો ફરતો હતો. તેવામાં તેણે પ્રસવવેદનાથી પીડાતી એક સ્ત્રીને જોઈ. તે સ્ત્રીને બાળક જન્મવાની તૈયારી હતી; પરંતુ કાંઈક કારણથી બાળકનો જન્મ થતો ન હતો. વેદનાથી તે સ્ત્રી પછાડો નાખતી હતી તથા કારમી ચીસો પાડતી હતી. અંગુલિમાલને તેનું આ દુઃખ જોઈ ઘણી દયા આવી. પણ તે લાચાર હતો. વિહારમાં આવી તેણે એ વાત ભગવાનને કહી.

બુદ્ધે તેને કહ્યું : 'જા, તું તે સ્ત્રી પાસે જઈને એમ કહે કે, અંગુલિમાલે જન્મથી માંડીને જાણીજોઈને કોઈ પ્રાણીની હિંસા કરી નથી. આ વચન જો સાચું હોય, તો તને તરત સુખ થાઓ.'

નવાઈની વાત એ બની કે, એ પ્રમાણે અંગુલિમાલે જઈને કહ્યું તેની સાથે જ તે સ્ત્રીને છુટકારો થયો અને તેને સુખેથી બાળક અવતર્યું !

અંગુલિમાલ એ જોઈ નવાઈ પામતો કહેવા લાગ્યો : "અહો ! પહેલાં પાપકર્મ કરવા છતાં પછીથી પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસ જો જાગે છે, તો તેનું મુખ વાદળાંથી મુક્ત થયેલા ચંદ્રની માફક પ્રકાશે છે. માટે સૌ લોકો મોડા મોડા પણ જાગીને ધર્મનું પાલન કરો."

૯

મહાશીલ રાજા

કાશીના રાજાને ત્યાં કુમાર જન્મ્યો. પારણામાંથી જ તેનાં લક્ષણ જોઈને સૌ કહેતું કે, કોઈ ભગત મહારાજ રાજાને ત્યાં ભૂલા પડ્યા છે! ગુરુને ઘેર ભણીગણીને તે પાછો આવ્યો, ત્યારે પણ તેના બાહુબળ કે હથિયારબળ કરતાં તેના શીલબળ અને ગુણબળની ખ્યાતિ જ વધારે જામી હતી. તેનું નામ શીલકુમાર પાડવામાં આવ્યું.

રાજાના મરણ પછી તે રાજગાદીએ આવ્યો, ત્યારે રાજકારભારમાં પણ તે અહિંસા, સત્ય વગેરે પાંચ શીલગુણો અનુસાર જ વર્તવા લાગ્યો. કશા નકામા મોજશોખ ન કરે; પોતાનો ભંડાર કદી ભરાવા ન દે; આખો દિવસ કંઈ ને કંઈ રાજકાજમાં જ મંડ્યો રહે; અને સૌ સાથે પ્રેમ અને ક્ષમાથી જ વર્તે. તેનું નામ હવે મહાશીલ પડ્યું.

લોકો ચારે બાજુ વાતો કરવા લાગ્યા કે, આ રાજાના રાજ્યમાં રહેવાશે કેમ કરીને? ચોર-ડાકુ કે ગુનેગારને પણ આ તો સજા કરવાને બદલે પૈસા આપી ધંધે લગાડવા ઇચ્છે છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાશીલના બાપે આખા રાજ્યમાંથી એક હજાર મજબૂત તથા શૂરવીર માણસોને ચૂંટી કાઢી, ખવરાવી પિવરાવીને તથા જુદાં જુદાં હથિયારોની કરામતો શિખવાડીને તૈયાર કર્યા હતા. રાજાના બોલથી તેઓ ગાંડા હાથીની સામે પણ દોડી જાય, અથવા આકાશમાંથી પડતી વીજળીને પણ પકડવા ધસે, એવા તેઓ વફાદાર પણ હતા. આજુબાજુના રાજાઓનાં મોટાં મોટાં લશ્કરો સુધ્ધાં એ 'કાશીરાજના હજાર'ના નામથી થરથરી ઊઠતાં.

મહાશીલે રાજા થતાં જ આ હજારે જણને ખેતી કરવા જમીન આપીને પોતાની નોકરીમાંથી છૂટા કર્યા. ત્યારે સૌ વજીરો અને લોકો આશા ખોઈ બેઠા, અને ગમે ત્યારે ફાવે તે દુશ્મનો હવે કાશીદેશ ઉપર ચડાઈ કરશે, એમ માનવા લાગ્યા.

એ અરસામાં રાજાનો એક વજીર રણવાસમાં ગુનો કરતાં પકડાયો. રાજાએ તેને કહ્યું: "હે મૂરખ! તેં ભારે અયોગ્ય કામ કર્યું છે; તું હવે મારા રાજ્યમાં રહેવા યોગ્ય નથી. તું તારી માલમિલકત તથા કુટુંબ-કબીલો લઈ જલદી મારા દેશની બહાર ચાલ્યો જા."

પેલો વજીર કાશીદેશમાંથી નીકળી કોશલ દેશના રાજાની નોકરીમાં રહ્યો, અને ધીમે ધીમે તેનો વિશ્વાસુ સલાહકાર બન્યો. એક દિવસ લાગ જોઈ તેણે કોશલરાજાને કહ્યું: "મહારાજ, કાશીનું રાજ્ય મધમાખો વિનાના મધપૂડા જેવું છે. રાજામાં કંઈ માલ નથી, અને મૂઠીભર માણસોથી જ આખું રાજ્ય સહેજે જીતી લેવાશે!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા તેની આવી વાત સાંભળી વિચારવા લાગ્યો કે, કાશીના રાજ્ય સામે કોઈ આંખ પણ ન કરી શકે એવું તેનું બળ કહેવાય છે; એટલે જરૂર આ માણસ જાસૂસ હોવો જોઈએ અને મને લોભાવી મારું રાજ્ય ખોવરાવવા ઇચ્છે છે!

તેણે કહ્યું: 'હરામી, તું આટલા માટે મારી પાસે ધોખાબાજીથી રહ્યો છે?'

પેલાએ કહ્યું: "મહારાજ, હું જાસૂસ કે ધોખાબાજ નથી; મારી વાત ઉપર વિશ્વાસ ન આવતો હોય, તો તમે તમારાં થોડાં માણસોને કાશીની સરહદના કોઈ ગામમાં ધાડ પાડવા મોકલો. તેઓને પકડીને રાજા પાસે લઈ જશે ત્યારે તે તેમને પૈસા આપીને છૂટા કરશે!"

કોશલ રાજાએ વિચાર્યું કે, આ માણસ હિંમતપૂર્વક આવું કહે છે, તો લાવ, હું તેની ખાતરી કરી જોઉં. તેણે પોતાનાં શીખવેલાં માણસોને કાશીની સરહદમાં તોફાન કરવા મોકલ્યાં. તેમને પકડીને મહાશીલ રાજા પાસે લઈ ગયા, ત્યારે મહાશીલે તેમને પૂછ્યું, "ભલા માણસો, તમે શા માટે લૂંટફાટ કરી અને ગામડિયાઓને માર્યા?"

"પૈસા માટે!" તેઓએ જવાબ આપ્યો.

"પૈસા જ જોઈતા હતા, તો મારી પાસે કેમ ન આવ્યા? હવેથી આવું કામ ન કરશો." આમ કહી, રાજાએ તેમને પૈસા આપી છોડી દીધા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓએ પાછા આવી કોશલરાજને બધી વાત કહી.. પણ આટલા ઉપરથી તેને કાશી ઉપર ચડાઈ કરવા જેટલો વિશ્વાસ ન બેઠો. તેણે બીજા થોડા માણસોને બીજા એક ગામ ઉપર હુમલો કરવા મોકલ્યા. તેઓને પણ કાશીરાજે પૈસા આપીને તથા શિખામણ આપીને વિદાય કર્યા.

ત્રીજી વાર પણ એમ જ બન્યું. કોસલરાજને ખાતરી થઈ કે, કાશીનો રાજા નર્યો મૂરખરાજ છે. તેણે મોટા લશ્કર સાથે કાશી દેશ ઉપર ચડાઈ કરી.

કાશીના વજીરો અને સેનાપતિઓ મહાશીલને આ ખબર કહેવા આવ્યા. તેણે માત્ર એટલું જ કહ્યું કે, રાજગાદી માટે મારે કોઈની સાથે લડવું નથી કે કોઈને મારવા નથી. ભલે કોસલના રાજાને કાશીનું રાજ્ય પણ જોઈતું હોય તો લઈ લે!

કોસલરાજ ધીરે ધીરે સરહદ ઓળંગી મધ્ય દેશ સુધી આવી ગયો, ત્યારે સૌ ફરીથી મહાશીલને કહેવા ગયા. તોય તેણે પહેલાં જેવો જ જવાબ આપ્યો.

પછી તો કોસલરાજ કાશીના દરવાજા પાસે આવી ગયો. વજીરો ત્રીજી વાર મહાશીલને કહેવા ગયા. પણ તેણે તો દરવાજા ઉઘાડી નાખવાનો હુકમ આપ્યો!

કોસલરાજ દરવાજા ઉઘાડા જોઈ નગરમાં દાખલ થયો, અને છેક રાજદરબાર સુધી જઈ પહોંચ્યો. મહાશીલ ત્યાં પોતાના હજાર સાથીઓ સાથે રોજની જેમ કામ કરતો બેઠો હતો! કોસલરાજે હુકમ કર્યો કે, આ બધાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પકડીને સ્મશાનમાં લઈ જાઓ અને ખાડા ખોદી, એકલું ડોકું બહાર રહે તેમ દાટી દો. રાત્રે શિયાળવાં આવી તેમની અંતિમ ક્રિયા કરશે!

રાજાનો હુકમ થતાં મહાશીલ તથા તેના હજાર સાથીઓને સ્મશાને લઈ જઈ ગળા સુધી દાટવામાં આવ્યા. આવે વખતે પણ મહાશીલના મનમાં કોસલરાજ કે તેનાં માણસો સામે કશો બૂરો ખ્યાલ આવ્યો નહીં.

કોસલરાજનાં માણસો બધાને ગળા સુધી દાટીને પાછાં ફર્યાં. ત્યાર બાદ મહાશીલે પોતાના વફાદાર સાથીઓને કહ્યું: 'ભાઈઓ, તમે શીલનો જ વિચાર કરજો. શીલ આચરતાં મરણ આવે તે પણ લાભ જ છે. શીલ ન આચરનાર પ્રત્યે કરુણા ધારણ કરજો; તેના પ્રત્યે ક્રોધ અથવા દ્વેષ ન કરતા.'

મધરાતે શિયાળવાં ભેગાં થઈ માણસના માંસની લાલચે દોડતાં આવી પહોંચ્યાં. મહાશીલે તથા તેના સાથીદારોએ એવી એકસામટી બૂમ પાડી. તે સમાણાં તે બધાં બીને એક વાર તો દૂર નાસી ગયાં. પણ પાછળ કોઈને આવતું ન જોઈ, તેઓ પાછાં આવ્યાં. પેલાઓએ ફરીથી બૂમ પાડી. આ વખતે પણ બૂમ સાંભળી શિયાળવાં નાસી ગયાં. પણ થોડી વાર પછી પાછાં ફર્યાં. હવે તે સમજી ગયાં કે, દાટેલાં આ માણસો સિવાય બીજાં કોઈ માણસ આજુબાજુ નથી. તેથી ત્રીજી વારની બૂમે તેઓ નાસી જવાને બદલે ઊભાં જ રહ્યાં. અને પછી કોઈ માણસને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવતું ન જોઈ, દરેક શિયાળ પોતપોતાનો ભક્ષ નક્કી કરી, તેની ઉપર તૂટી પડ્યું.

બન્યું એવું કે, શિયાળોના રાજાએ પોતાના ભક્ષ તરીકે પસંદ કર્યો તે મહાશીલ જ હતો. તે ડોકું લંબાવી લહેરથી જેવો મહાશીલના ડોકા તરફ આવ્યો, તેવું જ મહાશીલે પોતાનું ડોકું ઝડપથી બાજુએ ફેરવી લઈ, ચપળતાથી પોતાના બચકામાં તેનું ગળું પકડી લીધું. ભારે ખેંચાખેંચ કરવા છતાં શિયાળોનો રાજા પોતાનું ગળું છોડાવી ન શક્યો, ત્યારે તેણે મરણ વખતની કારમી ચીસ નાખી. તે ચીસ સાંભળી આજુબાજુનાં શિયાળ સમજ્યાં કે, પાસે કોઈ માણસ છૂટો છે અને તેણે આપણા રાજાને પકડ્યો છે, તેથી તેણે મરણ વખતની કારમી ચીસ નાખી છે. એટલે બધાં જ જીવ લઈને ત્યાંથી નાસી ગયાં!

બીજાં શિયાળોને નાસી ગયેલાં જોઈ, તથા પોતાનો નાસી છૂટવાનો કોઈ ઇલાજ ન જોઈ, શિયાળોનો રાજા ગાંડા જેવો બની પગ ઘસતો અને જમીન ખોતરતો આમ તેમ ઊંચો-નીચો આડો-ટેડો અમળાવા લાગ્યો. તેથી મહાશીલના જમણા હાથ તરફની માટી ખસીને ઢીલી થઈ ગઈ. એમ થોડી વાર ચાલવા દઈ, છેવટે મહાશીલે પોતાનું મોં પહોળું કરી શિયાળને જવા દીધો. પછી પોતાના અતિશય બળ વડે જમણા હાથને ઢીલી થયેલી માટીમાંથી બહાર કાઢી તેણે આસપાસની પૂરેલી માટી ઓછી કરવા માંડી. થોડી વારમાં બંને હાથ વાપરી તે ખાડામાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છૂટો થયો. પછી તેણે પોતાના બીજા સાથીદારને એ પ્રમાણે છૂટો કર્યો, અને એમ બધા ધીરે ધીરે છૂટા થયા. તે વખતે સવાર થઈ જવા આવ્યું હતું.

આ તરફ કોસલરાજ મહાશીલના મહેલમાં રાતે સૂઈ ગયો હતો. તે વખતે તે મહેલમાં પણ નરી સાદાઈ તથા મહાશીલની જાતમહેનતનાં નિશાન જોઈને તેને વિચાર આવવા લાગ્યો. તેને રાજભંડારમાંથી તો કશું જ મળ્યું ન હતું. પ્રજાનાં માણસો પાસે પણ જાતમહેનત કરવા માટેનાં ઓજારો અને સુખે જીવી શકાય તેટલી માલ-મત્તા જ દેખાયાં હતાં.

તે જ અરસામાં શિયાળોની બૂમાબૂમ સ્મશાન તરફથી આવતી સાંભળી તેને ભારે પસ્તાવો થવા લાગ્યો. પણ હવે શું થાય! હવે તો થોડી વારમાં શિયાળવાં મહાશીલને તથા તેના ભલા સાથીદારોને ફાડી ખાશે! આખી રાત આવા પસ્તાવાના વિચારોમાં આળોટ્યા પછી સવારે તે મહેલની અગાશીએ ચડ્યો, અને અણધારી રીતે જ સ્મશાન તરફ જોવા લાગ્યો. ત્યારે તેણે મહાશીલ અને તેના હજાર સાથીદારો જેવા માણસોને શાંતિથી સરઘસ આકારે નગર તરફ આવતા જોયા. તરત તે એકલો કશું સાથે લીધા વિના તે તરફ દોડ્યો. તેના સેવકો તેની પાછળ પાછળ દોડ્યા.

દરવાજા પાસે આવતાં જ કોસલરાજે મહાશીલને અને તેના સાથીઓને ઓળખ્યા. તે મહાશીલને પ્રેમથી ભેટી પડ્યો, અને રાતે શિયાળોના પંજામાંથી તે શી રીતે જીવતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહ્યો એ વાત પૂછવા લાગ્યો. મહાશીલે જ્યારે બધું કહી સંભળાવ્યું, ત્યારે આંસુ દદડતી આંખોએ તે મહાશીલને પ્રણામ કરીને બોલ્યો: "હે કાશીરાજ, આ તમારું રાજ્ય તમે પાછું લો! તમારા જેવા સંત પુરુષને મેં જે કાંઈ કર્યું છે, તેની મને ક્ષમા આપો. આજથી મને તમારો મિત્ર ગણજો."

૧૦

ગ્રામસેવક મઘ

મગધ દેશનો રાજા ભારે આરામી હતો. લોકોનાં સુખદુઃખની કશી વાત જાણવી-કરવી નહિ, તેમની પાસેથી બને તેટલા કરવેરા ઉઘરાવવા, અને મહેલમાં બેસી મોજ કર્યા કરવી, એટલું જ એનું કામ!

આપણામાં કહેવત છે, 'જેવો રાજા, તેવી પ્રજા.' રાજાનું જોઈને તેની પ્રજા પણ તેવી થવા લાગી. લોકો ખાઈ-પીને બેસી રહેનારા જ થતા ગયા.

આની અસર જણાયા વગર રહે? ગામના રસ્તા પર કચરાના ઢગ થવા લાગ્યા. જ્યાં ત્યાં ગંદવાડ, એઠવાડ અને કચરો ગંધ મારે; કૂવા-તળાવ કાદવ-કીચડથી ખદબદે; અને ચોરા-ચબૂતરા તો ખંડેર જેવા થઈ ગયા!

એ દેશમાં એક સુખી ઘેર એક છોકરાનો જન્મ થયો. તેનું નામ મઘ પાડવામાં આવ્યું. છોકરો નાનપણથી જ પોતા કરતાં બીજાની દરકાર પહેલી રાખતો. રસ્તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જતાં કોઈને ઠેસ વાગે તેવું વચમાં પડેલું જુએ, તો બાજુએ કરે. ગાડાને કે બળદને અડચણ પડે તેવો ખાડો જુએ, તો પૂરી લે. ખેતરના રસ્તાની આજુબાજુનાં ઝાંખરાં બહુ નીચાં નમ્યાં હોય, તો છાંટી નાખે. કૂવે ઢોળાતા પાણીને નીકો વડે વહેવડાવી દે. ચોતરા-ચબૂતરા વાળીઝૂડી સાફ કરે અને સમારે; તથા આવતા-જતા માટે ત્યાં પાણીનું માટલું પણ ભરી મૂકે.

મધનાં આવાં કામ જોઈને ગામલોક હસે : "ભારે મૂરખ છે! પારકાની સેવા કરવા નીકળ્યો છે! થાકીને એની મેળે થોડા દહાડામાં ઠેકાણે આવશે."

પણ મધ તો પોતાનું કામ કર્યા જ કરે. તેનું જોઈ ગામના કેટલાક જુવાનિયાઓ અવારનવાર તેની સાથે એ બધાં કામોમાં જોડાવા લાગ્યા. ધીમે ધીમે એની ટોળી જામી અને તેમાં ત્રીસ જણ થયા. તે સૌ પોતપોતાના ઘરનું કામ પણ સંભાળે, અને નવરાશનો વખત મધની સોબતમાં ગ્રામ-સેવાનાં કામ કરવા જાય.

મધની આ ગ્રામસેવક ટુકડીની અસર આજુબાજુનાં ગામોમાં પણ ફેલાવા લાગી. જ્યાં ત્યાં લોકો તેમને અનુસરવા લાગ્યા. મધ અને તેના મિત્રો નીચેનાં પાંચ શીલને ધર્મ માની પાળતા : (૧) હિંસા ન કરવી, (૨) ચોરી ન કરવી, (૩) પરસ્ત્રી સામે કુદૃષ્ટિ ન કરવી, (૪) જૂઠું ન બોલવું, અને (૫) નશો ન કરવો. લોકોને તેમનો આ સીધો સાદો ધર્મ ગમવા લાગ્યો. તેઓ પણ તેનું પાલન કરવા લાગ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ બધું જોઈને મધના ગામનો મુખી ચોંકી ઊઠ્યો. એ પ્રદેશનો દારૂનો ઇજારો તેની પાસે હતો. તેમાં તેને સારું મળતર હતું. વળી દારૂ પીને લોક તોફાન તથા મારામારી કરે, તેમાં પણ તેને મારી ખાવાનું મળે. લોકો દારૂ પીતા બંધ થવા લાગ્યા, એટલે તેની આ બધી આવક ઘટવા લાગી.

મુખી આ કેમ સાંખી લે ? તે ભારે મોટું નજરાણું લઈને રાજધાનીમાં ઊપડ્યો. નજરાણાને પ્રતાપે તરત તેને રાજાની મુલાકાત મળી. તેણે અરજ કરી :

"મહારાજ, મધ નામનો એક તોફાની જુવાનિયો પોતાની ટોળી જમાવી અમારા ગામને તથા આજુબાજુના પ્રદેશને ભારે રંજાડ કરે છે. સૌ ધંધારોજગાર બંધ પડી ગયા છે, અને રાજ્યને પણ મહેસૂલમાં ભારે ઘટ આવવા લાગી છે."

રાજાએ તરત હુકમ કાઢ્યો કે, મધ તથા તેની બળવાખોર ટોળીને પકડી લાવો. થોડા વખતમાં જ મધને અને તેના મિત્રોને પકડીને રાજા આગળ રજૂ કરવામાં આવ્યા. રાજાએ તે સૌને પોતાના મહેલના આંગણામાં જ હાથીને પગે દેવાનો હુકમ કર્યો.

મધે પોતાના સાથીઓને કહ્યું, "ભાઈઓ, આપણે જીવન દરમિયાન આપણી ફરજ સમજીને ધર્મ પાળ્યો છે તથા લોકસેવા કરી છે. દરેકને છેવટે મોત આવે જ છે; આપણને લોકસેવા કરતાં કરતાં મોત આવ્યું છે. માટે મુખી, રાજા કે હાથી તરફ મનમાં કશો ગુસ્સો લાવવાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બદલે બધા લોકો ધર્મ સમજે અને આચરે, એવી શુભેચ્છા જ અંત સમયે મનમાં રાખજો."

રાજાના માણસો હાથીને લઈ આવ્યા. મધ વગેરેને એકસાથે આંગણામાં સુવાડવામાં આવ્યા. મહાવતે હાથીને તેમના ઉપર થઈને ચલાવવા હાંકવા માંડયો. હાથી તેમની



નજીક સુધી ગયો, પણ પછી અટકીને ઊભો રહ્યો. મહાવતે આગળ ચાલાવવા તેને ખૂબ અંકુશ માર્યા; છતાં તે તો ત્યાંથી પાછો જ ફરી ગયો! બીજો હાથી લાવવામાં આવ્યો, પણ તેણેય તેમ જ કર્યું. પછી ત્રીજો, ચોથો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ એક પછી એક સાત હાથી બદલ્યા છતાં એકે હાથી તેમના ઉપર થઈને ચાલવા તૈયાર ન થયો!

આ વાત રાજાને પહોંચાડવામાં આવી. રાજા તે જાણી નવાઈ પામ્યો. તેણે મધે વગેરેને પોતાની પાસે બોલાવ્યા. તેઓ હાથીને વશ કરવાનો કંઈ જાદુમંતર જાણે છે કે શું એમ તેણે તેમને પૂછ્યું.

મધે જવાબ આપ્યો: "મહારાજ, અમે બીજો કશો જાદુમંતર જાણતા નથી; પરંતુ ધર્મ સમજીને પાંચ શીલ પાળીએ છીએ તથા સૌ પ્રાણીઓની બને તેટલી સેવા કરીએ છીએ. કદાચ એથી હાથીઓ પાછા ફર્યા હોય એમ બને."

દરમિયાન, મધના ગામના લોકો રોકકળ કરતા ટોળે વળીને રાજા પાસે આવી પહોંચ્યા. રાજા તેના અમલમાં પહેલી વાર તે બધાને જાતે મળ્યો. મધ વગેરેનાં સેવા-કાર્યોની સાચી હકીકત તેમને મોંએ તેણે સાંભળી. આવા નિરપરાધી લોકોને પોતે અજાણમાં મારી નંખાવવા તૈયાર થયો હતો એ જાણી, તેને બહુ લાગી આવ્યું. તેણે તરત પેલા મુખીને પકડી કેદમાં નંખાવ્યો; તેની બધી મિલકત જપ્ત કરાવી; તથા મધને ગામનો તથા આજુબાજુના પ્રદેશનો અધિકારી બનાવ્યો. છેવટે રાજાએ મધને કહ્યું:

"ભાઈ, તેં અને આ હાથીઓએ મને પણ મારી ફરજનું ભાન કરાવ્યું છે. હવેથી હું પણ રાજા તરીકેની મારી ફરજ બરાબર બજાવીશ. તારું કલ્યાણ થાઓ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧

દેવધર્મી કોણ

કાશીના રાજાને ત્યાં ઘરડેઘડપણ કુમારનો જન્મ થયો. રાજાએ ખૂબ રાજી થઈ બહુ દાનદક્ષિણા આપ્યાં, અને નગરમાં ઉત્સવ કરાવ્યો. કુમારનું નામ મહીપાલ પાડવામાં આવ્યું.

તે કુમાર હરતો ફરતો થયો, ત્યારે રાજાને ત્યાં બીજા પુત્રનો જન્મ થયો. રાજાએ તેનું નામ ચંદ્રકુમાર પાડ્યું.

બીજા પુત્રના જન્મ બાદ રાણી મરણ પામી. પોતાના બંને નાના કુમારો સારી રીતે ઊછરે એમ માની, રાજાએ ફરીથી લગ્ન કર્યું. નવી રાણી બહુ સુંદર હતી, તથા ચતુર હતી. થોડા વખતમાં તે રાજાની માનીતી બની ગઈ. બંને કુમારોને તે જતનથી ઉછેરતી.

થોડે વખતે નવી રાણીને પણ કુમાર જન્મ્યો. તે કુમાર તેની મા જેવો દેખાવડો હતો, તથા સૌને ગમી જાય તેવો હતો. રાજાએ બહુ રાજી થઈ, તે કુમાર માટે કંઈ વરદાન માગવા રાણીને કહ્યું. રાણીએ કહ્યું, "મારે કશાની ખોટ નથી; માટે એ વરદાન હમણાં રાખી મૂકો. મને જરૂર પડશે ત્યારે હું કશુંક માગીશ." રાજાએ તે કુમારનું નામ સૂર્યકુમાર પાડ્યું.

સૂર્યકુમાર મોટો થયો, ત્યારે રાણીનું મન બદલાવા લાગ્યું. પોતાનો પુત્ર નાનો હોવાથી તેને રાજગાદી નહીં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળે, એનું તેને ભારે દુઃખ રહેવા લાગ્યું. તેણે એક વખત રાજાને કહ્યું : "તમે મારા પુત્રના જન્મ વખતે વરદાન માગવા મને કહ્યું હતું. તે વરદાન હવે હું માગું છું : મારા પુત્રને રાજગાદી આપો."

રાજાએ કહ્યું : "મારે બે મોટા પુત્રો જીવતા છે; તેમનો હક ડુબાવીને હું નાનાને રાજગાદી શી રીતે આપું? મારી પ્રજા તથા પ્રધાનો પણ તે વસ્તુ શાનાં કબૂલ રાખે?"

પરંતુ રાણીનું મન માન્યું નહીં. તે બહુ હઠે ભરાઈ. રાજા સમજી ગયો કે, તે હવે મારા બંને પુત્રોને મારી નખાવશે. તેથી તેણે તે બંનેને છાનામાના બોલાવીને બધી વાત કહી; તથા દૂર ક્યાંક વનવગડામાં ગુપચુપ ચાલ્યા જવાની સલાહ આપી. પછી પોતે જ્યારે મરણ પામે, ત્યારે કાયદેસરના વારસદાર તરીકે રાજગાદી લેવા પાછા આવવાની સલાહ આપી.

ત્યાર બાદ એક દિવસ લાગ જોઈ, કોઈ ન જાણે તેમ, થોડોઘણો જરૂરી સામાન આપી, બંને કુમારોને રાજાએ નગર બહાર પહોંચાડી દીધા. ત્યાંથી તેઓ પાસેના વન તરફ આગળ જવા લાગ્યા.

તે દિવસે નાનો સૂર્યકુમાર નગર બહાર ભાઈબંધો સાથે ઘોડા ખેલાવતો હતો. તેણે પોતાના બંને ભાઈઓને છાનામાના વનમાં પેસી જતા જોયા. કોઈ ન જાણે તેમ તે પણ એકલો તેમની પાછળ ગયો, અને થોડે દૂર ગયા બાદ છતો થઈ તેમને પૂછવા લાગ્યો : "કહો, તમે બંને મને મૂકી છાનામાના ક્યાં જતા રહો છો?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બંને ભાઈઓએ તેને બધી વાત કહી સંભળાવી. તે સાંભળી, નાનો કુમાર ખૂબ રડ્યો, અને પછી બંનેના હાથ પકડીને બોલ્યો, "હું પણ તમારી સાથે જ આવીશ; હું મારી માનું મોં પણ જોવાનો નથી."

બંને ભાઈઓએ તેને ખૂબ સમજાવ્યો; પણ તેણે માન્યું નહીં. છેવટે ત્રણ જણ સાથે જ એકબીજાનો હાથ ઝાલી આગળ ચાલ્યા. થોડા દિવસમાં તેઓ હિમાલયમાં આવી પહોંચ્યા. ત્યાં કોઈ સારા તથા રહેવા લાયક ગુપ્ત સ્થળની શોધ કરતા તેઓ ફરવા લાગ્યા.

એક વખત ખાડા ટેકરા ઓળંગીને ચાલતાં ચાલતાં તેઓ બહુ થાકી ગયા. મહીપાલ એક ઝાડ નીચે બેસી પડ્યો. તે જોઈ નાનો સૂર્યકુમાર થોડે દૂર દેખાતા સરોવરમાંથી મોટાભાઈ માટે પાણી ભરી લાવવા ગયો.

તે સરોવર કુબેરે પોતાના એક જળવાસી દેવને તેની કોઈ સેવા બદલ રહેવા માટે ભેટ આપેલું હતું. તેમાં પાણી પીવા જે કોઈ આવે, તેને ખાઈ જવાની તેને છૂટ હતી; પરંતુ "દેવધર્મી કોણ કહેવાય" એ સવાલનો સંતોષકારક જવાબ જે આપે, તેને તેવાને મારવાની મના હતી.

સૂર્યકુમાર તે સરોવરમાં કિનારે હાથપગ ધોઈ, પાણી ભરવા જરા અંદર પેઠો કે તરત પેલા જળવાસીએ તેને પકડ્યો. તેણે કુમારને કહ્યું : "દેવધર્મી કોણ કહેવાય, એ જો તું મને બરાબર કહે, તો જ હું તને જીવતો જવા દઉં; નહીં તો આજે રાતે હું તને મારીને વાળુ કરીશ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂર્યકુમારે જવાબ આપ્યો : "સૂર્ય અને ચંદ્ર દેવધર્મી કહેવાય."

"ના, રે ના," એમ કહી, પેલો જળવાસી તેને સરોવરમાં ખેંચી જઈ પોતાના રહેઠાણમાં મૂકી આવ્યો.

થોડા વખત બાદ સૂર્યકુમારની શોધમાં તેને પગલે પગલે ચંદ્રકુમાર ત્યાં આવ્યો. તે પણ સરોવરમાં હાથ-પગ ધોઈ પાણી પીવા પેઠો કે તરત પેલા જળવાસીએ તેને પકડ્યો અને પૂછ્યું : "દેવધર્મી કોણ કહેવાય, એ તું જાણે છે?"

ચંદ્રકુમારે કહ્યું : "ચાર દિશાઓ દેવધર્મી કહેવાય."

"તને પણ ખબર નથી," એમ કહી પેલો જળવાસી તેને પોતાના રહેઠાણમાં ઊંડે ખેંચી ગયો.

પોતાના બંને ભાઈઓને ગયે ઘણી વાર થઈ એમ જાણી, ચિંતા કરતો મહીપાલ તેમને પગલે પગલે સરોવર પાસે આવ્યો. ભાઈઓનાં પગલાં તેણે સરોવરના પાણી તરફ જતાં જોયાં, પણ બહાર નીકળતાં જોયાં નહીં. એટલે સરોવરમાં કશુંક જોખમ છે એમ માની, તે અંદર ઊતર્યો નહીં; પણ બહાર રહી તપાસ કરવા લાગ્યો. તેને અંદર ન આવતો જોઈ, પેલા જળવાસીએ તેને સરોવરનું ઠંડું પાણી પી, હાથ-મોં ધોઈ, થાક ઉતારવા લલચાવ્યો.

આ સાંભળી મહીપાલ સમજી ગયો કે સરોવરમાંથી બોલતા આ જળવાસી દેવે જ પોતાના બંને ભાઈઓનું કંઈક કર્યું છે. તેણે તેને કહ્યું, "તું દેવ હો, યક્ષ હો, કે રાક્ષસ હો; તને હું પ્રણામ કરું છું. મારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાઈઓને તેં શું કર્યું છે, તે તું મને કહે. તેમનો કંઈ અપરાધ થયો હોય, તો હું તે દૂર કરી તારી ક્ષમા માગવા ચાહું છું."

પેલો જળવાસી મહીપાલની આ જાતની નમ્રતા તથા સમજદારીથી ખુશ થયો. તેણે જવાબ આપ્યો, "કુબેરે આ સરોવર મને ભેટ આપ્યું છે. તેમાં પેસનાર પ્રાણીને ખાઈને જીવવાની મારી આજીવિકા પણ તેમણે જ બાંધી આપી છે. પરંતુ, 'દેવધર્મી કોણ છે' એ પ્રશ્નનો જવાબ મને જે આપે, તેને ખાવાની મને મના છે. અત્યાર સુધી કોઈ મને તેનો સંતોષકારક જવાબ આપી શક્યું નથી. તને એ પ્રશ્નનો જવાબ આવડે છે?"

"હા."

"તો તું મને કહે. મને ઘણા દિવસથી તે સાંભળવાની ઇચ્છા છે."

"તો સાંભળ: 'પાપકર્મ કરતાં જેને શરમ અને સંતાપ થાય છે, અને સત્કર્મ કરવામાં જે હોંસીલો હોય છે, તેને સંતપુરુષો દેવધર્મી કહે છે.'"

પેલો જળવાસી દેવ આ સાંભળી ઘણો રાજી થયો. તેણે મહીપાલને કહ્યું: "દેવધર્મી કોણ કહેવાય એ વસ્તુ તેં બરાબર કહી છે. માત્ર સ્થૂળ પ્રકાશવાળો દેવધર્મી ન કહેવાય; પણ સત્કર્મ કરનારો સાચો દેવધર્મી કહેવાય. હું ખુશી થઈ તને એક વરદાન આપું છું: તારા બે ભાઈઓમાંથી ગમે તે એકને તું પાછો માગ; હું તેને જીવતો છોડીશ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહીપાલે કહ્યું: "મારા ઓરમાન ભાઈ સૂર્યકુમારને તું છોડ."

જળવાસીએ કહ્યું: "ભલા આદમી! હું તો તને ભારે સમજદાર માનતો હતો; પણ તારું આચરણ તો મૂર્ખ જેવું જ છે! તું તારા સગા ભાઈને મરવા રહેવા દઈ, તારા ઓરમાન ભાઈને શા માટે છોડાવે છે?"

મહીપાલે જવાબ આપ્યો —

"મારો એ ઓરમાન નાનો ભાઈ અમારા ઉપરના વહાલથી રાજમહેલનું સુખ છોડી, અમારી પાછળ જંગલમાં આવ્યો છે. વનવાસનાં કષ્ટોનો ડર બતાવવા છતાં, તે પાછો ફર્યો નથી. વળી મારી સાવકી માનો પણ તે એકનો એક દીકરો છે. એટલે બંને માનો એક એક દીકરો જીવતો રહે, એ જ યોગ્ય કહેવાય."

"શાબાશ! શાબાશ!" જળવાસીએ કહ્યું. "દેવધર્મી કોણ છે એ તું મોઢેથી કહી બતાવે છે એટલું જ નહીં, પણ આચરણમાં પણ તું સાચો દેવધર્મી છે. હું તારા બંને ભાઈઓને જીવતા છોડી દઉં છું. હવે તમે ત્રણે જણ આ સ્થળે જ રહેજો. હું તમારું રક્ષણ કરીશ. દેવધર્મી એવા તારી સોબતમાં રહેવાની મને ઇચ્છા છે. પછી તમે સૌ જ્યારે તમારા રાજ્યમાં પાછા જાઓ, ત્યારે ઠીક લાગે તો મને પણ સાથે લઈ જજો!"

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાજશિક્ષણને લગતાં બીજાં પુસ્તકો

૧. પ્રાચીન શીલકથાઓ — ગોપાળદાસ પટેલ
૨. બોધક ટીકડીઓ — મુકુલભાઈ કલાર્થી
૩. શીલ અને સદાચાર — „ „
૪. મોટાં માણસોનાં મન — „ „
૫. પચાસ પ્રેરક પ્રસંગો — „ „
૬. જાણવા જેવી વાતો — „ „
૭. સ્વરાજ એટલે શું — મગનભાઈ દેસાઈ
(આપણા બંધારણમાંથી મૂળ હકો અને આદેશોવાળો ભાગ, સહેલી ભાષામાં)
૮. આપણા દેશમાં આપણું રાજ્ય — મગનભાઈ દેસાઈ
(આપણા રાજ્યબંધારણનો સરળ ભાષામાં પરિચય)

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar